

PRGI No. GUJGUJ/2016/70752

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 10
Issue : 297
Dt.: 01-09-2026,
Tuesday
Page:04
Rs.00.50 paisa


કોર્ટે પીડિતાને ૧૦ લાખનું વળતર પણ આપવાનો આદેશ આપ્યો છે : અત્રે જણાવવાનું કે ૨૦૨૪માં નવરાત્રીના બીજા નોરતે આ ઘટના ઘટી હતી

## ભાયલી ગેંગરેપ કેસમાં કોર્ટનો મોટો ચુકાદોઃ તમામ દોષિતોને આજીવન કેદની સજા

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરાના ચકચારી ભાયલી ગેંગરેપ કેસમાં આજે વડોદરાની પોક્સો કોર્ટે જે ૫ આરોપીઓને દોષિત ઠેરવ્યા હતા તેમને સજા સંભળાવી. કોર્ટે તમામ પાંચેય આરોપીઓને છેલ્લા શ્વાસ સુધી જેલમાં રહેવાની સજા ફટકારી છે. આ ઉપરાંત પીડિતાને ૧૦ લાખનું વળતર પણ આપવાનો આદેશ આપ્યો છે. અત્રે જણાવવાનું કે ૨૦૨૪માં નવરાત્રીમાં આ ઘટના ઘટી હતી. ૪ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ નવરાત્રીના બીજા નોરતે આ ઘટના ઘટી હતી. જેમાં ભાયલી-બીલ રોડ નજીક અવાવરું સ્થળે ગરબા રમવા ગયેલી સગીરા અને તેનો મિત્ર બેઠા હતા. ત્યારે બાઈક પર આવેલા આ શખ્સોએ બોલાચાલી બાદ સગીરા સાથે અડપલાં કરવાના શરૂ કર્યા અને દુષ્કર્મ આચર્યું હતું. પોલીસે ત્વરિત કાર્યવાહી કરી પાંચેય આરોપીની ધરપકડ કરી હતી. માત્ર ૧૭ દિવસમાં ૬ હજારથી વધુ પાનાની ચાર્જશીટ રજૂ કરાઈ હતી. આ કેસમાં મુન્ના, શાહરુખ, મુમતાઝ, અજમલ અને સૈફઅલી બનજારા દોષિત ઠર્યા હતા.

સરકારી વકીલ અનિલ દેસાઈએ જણાવ્યું કે દોષિતોને કેટલી સજા કરવી એ અંગે આજે નામદાર કોર્ટમાં દલીલો થઈ હતી. કાયદાની જોગવાઈ મુજબ અને ગુનાની કલમો હેઠળ જે મહત્તમ સજાની જોગવાઈ છે એ પ્રમાણે તેમને છેલ્લા શ્વાસ સુધીની સજા થાય. કોર્ટને ફાંસીની સજા યોગ્ય ન લાગે તેવા સંજોગોમાં આરોપીઓને આજીવન કેદ (છેલ્લા શ્વાસ સુધીની સજા એ મહત્તમ સજા) થાય.

૨૦૨૪ નવરાત્રીના બીજા નોરતે સગીરા પર દુષ્કર્મની ઘટના બની હતી. સગીર પીડિતા પોતાના મિત્રને રાત્રે ૧૧.૩૦ વાગે મળી હતી. સગીરા મિત્રની સ્કૂટી પર બેસી ભાયલી ગઈ હતી. રાત્રે ૧૨ વાગે બે બાઈક પર સવાર ૫ લોકોએ તેમને જોયા હતા. તે સમયે પીડિતા અને તેના મિત્ર સાથે માથાકૂટ કરી હતી. આ દરમિયાન ૫ માંથી ૨ વ્યક્તિ નીકળી ગયા હતા. પરંતુ ૨ યુવકોએ પીડિતા સાથે દુષ્કર્મ આચર્યું હતું. ૧ યુવકે પીડીતાના મિત્રને પકડી રાખ્યો હતો. આ કેસ પોલીસ માટે મોટો પડકાર બની રહ્યો હતો કારણ કે જ્યાં ઘટના ઘટી હતી તે નિર્જન સ્થળ હતું અને ત્યાં સીસીટીવી કેમેરાઓ પણ નહતા. ત્યારે આરોપીઓને ઓળખવા કઈ રીતે? ત્યારબાદ પોલીસે ટેક્નિકલ સર્વેલાન્સ અને સીટીટીવી તરફ તપાસની દિશા ફેરવી. ઘટનાસ્થળેથી આરોપીઓના સંભવિત માર્ગો સુધીના સીસીટીવી ફેટેજ ફંફોળવાના શરૂ થયા હતા. ૧૧૦૦થી વધુ સીસીટીવી અને આશરે ૪૫ કિમીના રૂટને ચકાસવામાં આવ્યા હતા. ગણતરીના કલાકોમાં ૩ આરોપીઓ ઝડપાયા હતા.

દોષિતો...

૧. મુન્ના અબ્બાસ બનજારા
૨. મુમતાઝ ઉર્ફે આફતાબ બનજારા
૩. શાહરૂખ બનજારા,
૪. સૈફઅલી બનજારા
૫. અજમલ સત્તાર

પાંચેય મૂળ ઉત્તર પ્રદેશના હોવાનું અને વર્ષોથી વડોદરામાં રહેતા હોવાનું તપાસમાં સામે આવ્યું હતું. તેઓ તાંદલજા વિસ્તારમાં રહેતા હતા અને મજૂરી તથા પીઓપી કલર કામ કરતા હતા. આરોપીની ભૂમિકાની વાત કરીએ તો મુન્ના અબ્બાસ બનજારા, મુમતાઝ ઉર્ફે આફતાબ બનજારા, શાહરૂખ બનજારાએ દુષ્કર્મ આચર્યું હતું જ્યારે સૈફઅલી બનજારા અને અજમલ સત્તારએ મદદ કરી હતી. પીડિતાને બચાવવાના બદલે સ્થળ પરથી ભાગી ગયા હતા બંને



આરોપીઓ. પાંચેય આરોપીએ સૌ પ્રથમ પીડિતા અને તેના મિત્રને આંતર્યા હતા. પીડિતાના પુરુષ મિત્રને માર માર્યો, ત્યારબાદ પીડિતા ઉપર એકબાદ એક ત્રણ આરોપીઓએ દુષ્કર્મ આચર્યું. બાદમાં પીડિતાનો ફોન ચોરી કરી તમામ ફરાર થઈ ગયા હતા.

અર્થવ્યવસ્થામાં મોટો ઉછાળો

## નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના પ્રથમ ક્વાર્ટરમાં ભારતનો GDP ગ્રોથ ૭.૮% રહ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

છેલ્લા કેટલાક દિવસોમાં મોંઘવારી વધવાને કારણે અનુમાન હતું કે ભારતની અર્થવ્યવસ્થા આ વર્ષે થોડી ડગમગી શકે છે. પરંતુ તાજેતરમાં આવેલા મિનિસ્ટ્રી ઓફ સ્ટેટિક્સ એન્ડ પ્રોગ્રામ (MoSPI) ના રિપોર્ટે જે આંકડા રજૂ કર્યા છે તે ચોંકાવનારા છે. આ આંકડા પ્રમાણે ભારતની અર્થવ્યવસ્થાએ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૦૨૭ના પ્રથમ ક્વાર્ટર (એપ્રિલથી જૂન) માં સારી ગતિ બનાવી રાખી છે. આ દરમિયાન દેશનો અસલી GDP ૭.૮ ટકાના દરથી વધ્યો છે.





હકીકતમાં ૩૧ ઓગસ્ટ સોમવારે MoSPI એ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૦૨૭ના પ્રથમ ક્વાર્ટરના GDPના આંકડા રજૂ કર્યાં છે. તે પ્રમાણે એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં નોમિનન GDPમાં ૧૦.૩ ટકાની તેજી જોવા મળી છે. સરકાર અનુસાર દુનિયામાં ચાલી રહેલા આર્થિક પડકારો છતાં ભારતીય અર્થવ્યવસ્થાએ પોતાના વિકાસની ગતિ બનાવી રાખી છે.

આ વખતે જીડીપીના આંકડા ૨૦૨૨-૨૦૨૩ને બેઝ યર એટલે કે પાયાનું વર્ષ ગણી જારી કરવામાં આવ્યા છે.

સરકારે ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૬ના GDP ની વાર્ષિક અને ક્વાર્ટર ગણતરીની નવી સિરીઝ જારી કરી હતી. ત્યારબાદ ૫ જૂને ૨૦૨૬ એ નાણઆકીય વર્ષ ૨૦૨૫-૨૦૨૬ના GDP ના શરૂઆતી એટલે કે પ્રોવિઝનલ આંકડા જાહેર કર્યાં હતા. મંત્રાલયે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩, ૨૦૨૩-૨૪ અને ૨૦૨૪-૨૫ ના વાર્ષિક આંકડાને પણ અપડેટ કર્યા છે. તે માટે નવો ડેટા અને અલગ-અલગ સરકારી સ્ત્રોતમાંથી મળેલા આંકડાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ સિવાય નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ના પ્રથમ ક્વાર્ટરથી ૨૦૨૫-૨૦૨૬ના ચોથા ક્વાર્ટર સુધીના GDP ના આંકડાને અપડેટ કરવામાં આવ્યા છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૦૨૬ના પ્રોવિઝનલ GDP આંકડામાં પણ નવા ડેટાને સામેલ કરવામાં આવ્યા છે.

GDP ની ગણતરીમાં ઔદ્યોગિક ઉત્પાદન, કિંમતો, બેંક્કિંગ સેવાઓ અને અલગ-અલગ સરકારી વિભાગોમાંથી મળેલા વહીવટી આંકડાને સામેલ કરવામાં આવ્યા છે. મંત્રાલયે GDP ની સાથે અર્થવ્યવસ્થામાં વપરાશ, રોકાણ અને બીજા ખર્ચ સાથે જોડાયેલા આંકડા પણ જારી કર્યાં છે. આ આંકડા સ્થિર કિંમતો એટલે કે ૨૦૨૨-૨૦૨૩ના આધાર પર અને વર્તમાન કિંમત બંનેમાં આપવામાં આવ્યા છે.

PM મોદી સાથે મુલાકાતમાં ઈરાનના પ્રમુખનું નિવેદન

## પ.એશિયામાં શાંતિ લાવવામાં ભારત મદદ કરી શકે છે

**બંને નેતાઓએ ચાબહાર બંદર, હોર્મુઝની સમુદ્રધૂની અને પશ્ચિમ એશિયા સંકટ સહિતના મુદ્દાઓ પર ચર્ચા કરી**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૩૧ ઓગસ્ટે કિર્ગિસ્તાનની રાજધાની બિશ્કેકમાં શાંઘાઈ સહયોગ સંગઠન (SCO) સમિટ દરમિયાન ઈરાનના રાષ્ટ્રપ્રમુખ મસૂદ પેઝેશ્કિયાન સાથે બેઠક કરી હતી. આ બેઠકમાં પેઝેશ્કિયાને પીએમ મોદીને જણાવ્યું કે અમેરિકાએ પોતાનું વચન પૂરું ન કર્યું હોવા છતાં ઈરાન આખરી સમજૂતી પર પહોંચવા માટે પ્રતિબદ્ધ છે. પેઝેશ્કિયાને કહ્યું કે આ ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા મજબૂત કરવામાં ભારત ઘણું મદદરૂપ થઈ શકે છે.

સરકારી મીડિયાના અહેવાલ મુજબ, પેઝેશ્કિયાનએ જણાવ્યું કે, અમે હજુ પણ સમજૂતી અને પરસ્પર સમજણ ઊભી કરવાની દિશામાં કામ કરી રહ્યા છીએ. અમારું માનવું છે કે યુદ્ધ ચાલુ રાખવાથી ન તો અમારા હિતોને અને ન તો આ ક્ષેત્ર કે માનવતાના હિતોને કોઈ ફાયદો થાય છે.

ફાર્સ સમાચાર એજન્સીના અહેવાલ મુજબ, ઈરાનના રાષ્ટ્રપ્રમુખએ પીએમ મોદી સાથેની બેઠકમાં જણાવ્યું હતું કે અમેરિકામાં એવા લોકો છે જેઓ ઈચ્છે છે કે આ યુદ્ધ ચાલુ રહે. તેમણે કહ્યું કે અમેરિકાએ પોતાના વચનો પૂરા કર્યા નથી. અહેવાલમાં એમ પણ જણાવાયું છે કે બેઠક દરમિયાન બંને નેતાઓએ હોર્મુઝની સમુદ્રધૂની (Strait of Hormuz) સાથે સંકળાયેલા દરિયાઈ સહયોગ અને ચાબહાર બંદરમાં સહયોગ પર ચર્ચા કરી હતી.

તેમણે જણાવ્યું કે, ચાબહાર પોર્ટ દક્ષિણ-પૂર્વ ઈરાનમાં આવેલું છે, જેના એક ટર્મિનલને તૈયાર કરવામાં ભારતે ઓછામાં ઓછું ૧૨ કરોડ ડોલર (૧૨૦ મિલિયન ડોલર)નું રોકાણ કર્યું છે. આ પ્રોજેક્ટ પર લાદવામાં આવેલા પ્રતિબંધોમાં અમેરિકા તરફથી આપવામાં આવેલી છૂટ ૩૦ ઓગસ્ટ-૨૦૨૬ના રોજ સમાપ્ત થઈ ગઈ છે. બેઠક દરમિયાન બંને પક્ષોએ પરસ્પર સંબંધોની વર્તમાન સ્થિતિની સમીક્ષા કરી હતી અને બંને દેશો માટે મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોમાં ઈરાન અને ભારત વચ્ચે પરસ્પર સહયોગ મજબૂત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. પશ્ચિમ એશિયા સંકટ વચ્ચે બંને ટોચના નેતાઓ વચ્ચે સતત સંવાદ જળવાઈ રહ્યો છે. જૂનમાં, બંને નેતાઓ વચ્ચે ફોન પર વાતચીત થઈ હતી, જેમાં ઈરાની રાષ્ટ્રપ્રમુખે ભારતીય પીએમને પશ્ચિમ એશિયામાં બની રહેલી ઘટનાઓ અને આગળના રસ્તા અંગે માહિતી આપી હતી.વાતચીત દરમિયાન, સંઘર્ષ સમાપ્ત કરવા માટે બનેલી સહમતીનું સ્વાગત કરવામાં આવ્યું હતું અને કાયમી શાંતિ તથા સ્થિરતા માટે સતત પ્રયાસોની જરૂરિયાતનો પુનરોચ્ચાર કરાયો હતો. બંને નેતાઓએ આ અગાઉ ૨૧ માર્ચે પણ વાતચીત કરી હતી, જેમાં તેમણે પશ્ચિમ એશિયા ક્ષેત્રમાં સુરક્ષા સ્થિતિ અંગે વિગતવાર ચર્ચા કરી હતી.

બેઠક બાદ, વિદેશ મંત્રાલયે એક્સ પર જણાવ્યું કે, બંને નેતાઓએ સંરક્ષણ, આર્થિક, ફાર્મા, વિજ્ઞાન અને ટેકનોલોજી, સંસ્કૃતિ અને શિક્ષણ સહિત અનેક ક્ષેત્રોમાં પરસ્પર સહયોગને વધુ મજબૂત કરવાના રસ્તાઓ પર ચર્ચા કરી. તેમણે પશ્ચિમ એશિયાની સ્થિતિ સહિત પ્રાદેશિક અને વૈશ્વિક ઘટનાઓ પર પણ વિચારોનું આદાન-પ્રદાન કર્યું.

પીએમ મોદીએ એક્સ પર પોસ્ટ કરીને લખ્યું કે, બિશ્કેકમાં રાષ્ટ્રપ્રમુખ સાથે મુલાકાત થઈ. અમે ઈરાન સાથે ભારતની જૂની મિત્રતાને વિવિધ ક્ષેત્રોમાં વધુ મજબૂત કરવાના અમારા સંકલ્પને દોહરાવ્યો. અમે આગામી સમયમાં અમારા વેપારનો વ્યાપ વધારવા અને તેમાં વિવિધતા લાવવા માંગીએ છીએ. અમે ક્ષેત્રની વર્તમાન પરિસ્થિતિ પર ચર્ચા કરી. ભારત સ્થાયી શાંતિ સુનિશ્ચિત કરવાની દિશામાં કરવામાં આવી રહેલા તમામ પ્રયાસોનું સમર્થન કરવાનું ચાલુ રાખશે.

ખરીદ ભાવમાં પ્રતિ લિટર રૂ.૩નો વધારો જાહેર

## તમિલનાડુ સરકારે આવિન માટે દૂધ ખરીદી ભાવમાં વધારો કરવાનો નિર્ણય લીધો

**વધુમાં પાવર ટ્રાન્સમિશન અને ૧,૬૦૦ મેગાવોટના પાવર પ્લાન્ટ માટે મોટા રોકાણોની જાહેરાત કરાઈ**

(સંપૂર્ણ સમાચાર સેવા)ચેન્નાઈ

રાજ્યના પશુપાલકોને રાહત આપતા તમિલનાડુ સરકારે ફરી એકવાર આવિન માટે દૂધ ખરીદી ભાવમાં વધારો કરવાનો નિર્ણય લીધો છે. મુખ્યમંત્રી સી. જોસેફ વિજયે સોમવારે ખરીદ ભાવમાં પ્રતિ લિટર રૂ.૩નો વધારો જાહેર કર્યો. પરિણામે ખેડૂતો પાસેથી દૂધ ખરીદવામાં આવે છે તે ભાવ રૂ.૪૧થી વધીને રૂ.૪૪ પ્રતિ લિટર થશે. આ નિર્ણયનો હેતુ ખેડૂતોની આવક વધારવા અને રાજ્યના ડેરી ક્ષેત્રને મજબૂત બનાવવાનો છે. નોંધનીય છે કે, સરકારે થોડા દિવસો પહેલા જ દૂધ ખરીદી ભાવમાં રૂ.૩નો વધારો કર્યો હતો. ૧૯ ઓગસ્ટના રોજ વિધાનસભામાં દર રૂ.૩૮થી વધારીને રૂ.૪૧ પ્રતિ લિટર કરવાની જાહેરાત કરવામાં આવી હતી.

આવિન તમિલનાડુની અગ્રણી સહકારી ડેરી બ્રાન્ડ છે. ખરીદ ભાવમાં તાજેતરના વધારાથી રાજ્યના વિવિધ ભાગોમાં દૂધ ઉત્પાદક ખેડૂતોને સીધો ફાયદો થવાની અપેક્ષા છે. સરકાર જણાવે છે કે ઊંચા ખરીદ ભાવથી ખેડૂતોને ઉત્પાદન ખર્ચની તુલનામાં વધુ સારું વળતર મળશે અને ડેરી વ્યવસાયને પ્રોત્સાહન મળશે. મુખ્યમંત્રીએ રાજ્યના પાવર ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવવા માટે નોંધપાત્ર રોકાણનો પણ પ્રસ્તાવ મૂક્યો છે. તમિલનાડુ ટ્રાન્સમિશન ઈમ્પ્રૂવમેન્ટ સ્કીમ હેઠળ, ૧૯૬ નવા સબસ્ટેશન બનાવવામાં આવશે અને આશરે ૧૫,૦૦૦ કિલોમીટર નવી પાવર લાઈન નાખવામાં આવશે. આ સમગ્ર યોજના માટે રૂ.૩૩,૦૬૬ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. સરકાર વીજળીની વધતી જતી ઔદ્યોગિક અને સ્થાનિક માંગને પહોંચી વળવા માટે ટ્રાન્સમિશન નેટવર્કની ક્ષમતા વધારવાનો હેતુ ધરાવે છે.

તમિલનાડુ સરકારે તુતીકોરિનમાં એક મોટા પાવર પ્લાન્ટ માટેની યોજનાઓનું પણ અનાવરણ કર્યું છે. જાહેર-ખાનગી ભાગીદારી (PPP) મોડેલ હેઠળ ત્યાં ૧,૬૦૦ મેગાવોટ ક્ષમતાનું સુપરક્રિટિકલ થર્મલ પાવર સ્ટેશન સ્થાપિત કરવામાં આવશે. આ પ્રોજેક્ટ માટે આશરે રૂ.૨૦,૮૦૦ કરોડનું રોકાણ પ્રસ્તાવિત છે. તે રાજ્યની વીજ ઉત્પાદન ક્ષમતા વધારવા અને ભવિષ્યની ઉર્જા જરૂરિયાતોને પૂર્ણ કરવામાં મદદ કરશે તેવી અપેક્ષા છે. સરકાર સેમિકન્ડક્ટર અને લોજિસ્ટિક્સ પર પણ ધ્યાન કેન્દ્રિત કરે છે.

વીજ ક્ષેત્રની સાથે રાજ્ય સરકારે સેમિકન્ડક્ટર અને લોજિસ્ટિક્સ સંબંધિત માળખાગત સુવિધાઓને મજબૂત બનાવવા પર પણ ભાર મૂક્યો છે. સરકારનો ઉદ્દેશ્ય તમિલનાડુના ઉત્પાદન ક્ષેત્ર અને ટેકનોલોજી ઈકોસિસ્ટમને વધુ મજબૂત બનાવવાનો છે. પશુપાલકો માટે ખરીદીના ભાવમાં વધારો કરવાની જાહેરાત, વીજળી, ઉત્પાદન અને લોજિસ્ટિક્સમાં મોટા રોકાણો સાથે, રાજ્યના અર્થતંત્ર અને રોજગારની સંભાવનાને વેગ આપવા તરફ એક મહત્વપૂર્ણ પગલા તરીકે જોવામાં આવે છે.

## ભારતે સિંધુ જળ સંધિ પર વર્લ્ડ બેંકની મધ્યસ્થતાવાળી કોર્ટનો ચુકાદો ફગાવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતે આજે ૩૧ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ સિંધુ જળ સંધિ પર વર્લ્ડ બેંકની મધ્યસ્થતાવાળી કોર્ટ ઓફ આર્બિટ્રેશન (CoA)ના ચુકાદાને ફગાવી દીધો છે. ભારતે કોર્ટને ગેરકાયદે ગણાવતા કહ્યું કે આ મામલે કોઈ પણ સુનાવણી તેના અધિકાર ક્ષેત્રમાં આવતી નથી. વિદેશ મંત્રાલયે નિવેદન બહાર પાડીને કહ્યું કે CoA દ્વારા આપવામાં આવેલા ચુકાદાઓનો ભારતની કાર્યવાહી પર કોઈ પ્રભાવ પડશે નહીં. ભારતે સિંધુ જળ સંધિને સ્થગિત રાખવાના નિર્ણય યથાવત જ રહેશે.વિદેશ મંત્રાલયે કોર્ટ ઓફ આર્બિટ્રેશનને સંપૂર્ણપણે ગેરકાયદે ગણાવ્યું છે. ભારતનું કહેવું છે કે વર્લ્ડ બેંકે સિંધુ જળ સંધિના નિયમોનું ઉલ્લંઘન કરીને આ કોર્ટની રચના કરી હતી, તેથી ભારત તેના કોઈ પણ ચુકાદા કે આદેશને સ્વીકારતું નથી. સ્ઈછ એ કહ્યું, ભારતે આ કોર્ટના કાયદાકીય અસ્તિત્વને ક્યારેય સ્વીકાર્યું નથી. ભારતનું માનવું છે કે તેનું ગઠન જ સિંધુ જળ સંધિનું મોટું ઉલ્લંઘન છે. આ જ કારણે ભારત ન તો ક્યારેય આ કોર્ટ સમક્ષ રજૂ થયું છે અને ન તો તેના કોઈ ચુકાદા પર ધ્યાન આપ્યું છે. વિદેશ મંત્રાલયે સ્પષ્ટ કર્યું કે આ કોર્ટ પાસે ભારતના સાર્વભૌમત્વ નિર્ણયો પર બોલવાનો કોઈ અધિકાર નથી. MEA એ કહ્યું, કોર્ટના અત્યારના કે ભવિષ્યના કોઈ પણ ચુકાદાની ભારતની પરિયોજનાઓ પર કોઈ અસર પડશે નહીં. ર્ઝછના કોઈ પણ આદેશની ભારતની જળ પરિયોજનાઓ પર કોઈ અસર નહીં થાય. સિંધુ જળ સંધિને હાલ પૂરતી સ્થગિત રાખવાનો ભારત સરકારનો નિર્ણય સંપૂર્ણપણે લાગુ રહેશે.




# તંત્રી લેખ......

## નેપાળના પૂરમાંથી બોધપાઠ લેવો જોઈએ

રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ હિમાલયના હિમનદી તળાવોમાં પ્રારંભિક ચેતવણી પ્રણાલીઓ સ્થાપિત કરવા માટે રાજ્યો સાથે કામ કરી રહી છે. અમે ઉત્તરાખંડ ક્ષેત્રમાં કેટલાક પ્રોજેક્ટ્સ પણ સબમિટ કર્યા છે. જ્યાં સુધી મારી જાણકારી છે, એશિયન દેશોમાં ક્યાંય પણ હિમનદી વિસ્ફોટ માટે કોઈ અસરકારક પ્રારંભિક ચેતવણી પ્રણાલી નથી. ચોકસાઈ પણ ઓછી છે, અને આ એક મુશ્કેલ કાર્ય છે. જો ભૂકંપ આવે તો તમે સુનામીની આગાહી કરી શકો છો. બીજું, હિમાલય ખૂબ જ મુશ્કેલ પ્રદેશ છે. દરેક સ્થાન સુધી પહોંચવું અશક્ય છે. હિમાલયની અંદર ૧૦,૦૦૦ હિમનદીઓ છે. હિમાલય પોતે જ એક ખૂબ જ જટિલ સિસ્ટમ છે, જેને સમજવું મુશ્કેલ છે.

હવે પ્રશ્ન એ છે કે આપણે પ્રારંભિક ચેતવણી પ્રણાલી ક્યાં ગોઠવવી જોઈએ. તેનું સારું ઉદાહરણ ઉત્તરાખંડમાં કેદારનાથ પૂર છે. તમે કેદારનાથ ખીણ અને આસપાસના વિસ્તારો પર ધ્યાન કેન્દ્રિત કર્યું, અને શિયાળાની ઋતુ દરમિયાન પણ અચાનક ઋષિગંગામાં પૂર આવ્યું. આ અણધાર્યું હતું. પછી ધારાલી ઘટના બની, ત્યારબાદ તમક ઘટના બની. પ્રારંભિક ચેતવણી પ્રણાલીઓ અસરકારક હોય છે જ્યારે તમે જાણો છો કે તેઓ આ વિસ્તારમાં અથડાશે, તેથી તેમને ત્યાં ગોઠવો.

પ્રશ્ન એ પણ છે કે તેમને ખીણમાં ક્યાં ગોઠવવા, કારણ કે એક જ ઘાટમાં હજારો નાની ચેનલો સક્રિય છે. તમને ખબર નથી કે ક્યાં ભંગાણ થવાની સંભાવના છે, તો તમે તે કેવી રીતે કરશો? પ્રશ્ન એ નથી કે આપણી દેખરેખ પ્રણાલી કેટલી અસરકારક છે. પ્રશ્ન એ છે કે લોકોને કેવી રીતે જાગૃત કરવા. લોકોને જણાવવાની જરૂર છે કે પર્વતીય વિસ્તારોમાં ઘરો ક્યાં બનાવવા અને ક્યાં માળખાકીય સુવિધાઓ વિકસાવવા. નેપાળના પૂર આપણને શીખવે છે કે ક્યાં વસાહતો બનાવવી. તમે નદી કિનારે બહુમાળી મકાનો બનાવી રહ્યા છો. તમારે હંમેશા નદીના પૂર ક્ષેત્રની બહાર ઘરો બનાવવા જોઈએ. કેદારનાથ દુર્ઘટનાએ પણ આપણને શીખવ્યું કે ક્યાં માળખાકીય સુવિધાઓ બનાવવી. તમારે યાદ રાખવાની જરૂર છે કે વહેલા કે મોડા, પૂર ક્ષેત્રો આખા વિસ્તારને કબજે કરશે. જો તમે ભૂતકાળના લોકોને જુઓ, તો તેઓ હંમેશા પર્વત પર ઊંચા મકાનો બનાવતા હતા, નીચાણવાળા નહીં. તેઓ નદી કિનારે બેસતા નહોતા. હવે, નવી સભ્યતામાં, હોમસ્ટે અને અન્ય સુવિધાઓ બનાવવામાં આવે છે, અને લોકો ગમે ત્યાં મકાન બનાવી રહ્યા છે. કોઈપણ રાજ્ય પાસે એવી આપત્તિ નીતિ નથી જે સ્પષ્ટ કરે કે ક્યાં ઘર બનાવવા અને ક્યાં નહીં. તેથી, લોકો કિંમત ચૂકવી રહ્યા છે, અને જો પાઠ ન શીખ્યા, તો તેઓ કિંમત ચૂકવવાનું ચાલુ રાખશે.

## ૫ વર્ષ બાદ કૃણાલ પંડ્યાની ટીમ ઈન્ડિયામાં થઈ શકે છે વાપસીઃ અક્ષર પટેલનું સ્થાન જોખમમાં

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

શ્રેયસ ઐયરના નેતૃત્વ હેઠળ ભારતીય ટીમનું આયર્લૅન્ડ અને ઈંગ્લેન્ડના પ્રવાસ દરમિયાન પ્રદર્શન નિરાશાજનક રહ્યું હતું. આયર્લૅન્ડ પ્રવાસ પર ટીમને ૦-૨થી શરમજનક હારનો સામનો કરવો પડ્યો હતો, જ્યારે ઈંગ્લેન્ડે T20 શ્રેણીમાં ભારતને ૪-૦થી હરાવ્યું હતું. યુરોપિયન પ્રવાસ દરમિયાન ભારતીય ટીમના સ્પિનરો પણ બિનઅસરકારક સાબિત થયા હતા, જે હારનું મુખ્ય પરિબળ હતું. સ્પિનરોના નબળા પ્રદર્શને પસંદગીકારોને નવા વિકલ્પો શોધવાની ફરજ પાડી છે. આ વચ્ચે કૃણાલ પંડ્યા સ્પિન-બોલિંગ ઓલરાઉન્ડરની ભૂમિકા માટે સંભવિત વિકલ્પ માનવામાં આવી રહ્યો છે. અહેવાલ મુજબ, પસંદગીકારોએ ૩૫ વર્ષીય કૃણાલની ચર્ચા કરી છે. તેણે છેલ્લે જુલાઈ ૨૦૨૧માં શ્રીલંકા સામે ભારત માટે T20 આંતરરાષ્ટ્રીય મેચ રમી હતી. જોકે તે ત્યારથી રાષ્ટ્રીય ટીમમાં પાછો ફર્યો નથી, તેણે સ્થાનિક ક્રિકેટ અને IPLમાં સતત પોતાનું મૂલ્ય સાબિત કર્યું છે. ભારતનો સ્પિન વિભાગ તાજેતરના T20 આંતરરાષ્ટ્રીય મેચોમાં અપેક્ષા મુજબ અસરકારક રહ્યો નથી. ખાસ કરીને અક્ષર પટેલે સામાન્ય પ્રદર્શન કર્યું છે. તેણે આયર્લૅન્ડ અને ઈંગ્લેન્ડ સામેની છેલ્લી છ T20 આંતરરાષ્ટ્રીય મેચોમાં ફક્ત ચાર વિકેટ લીધી હતી. જોકે, આ દેશોની પરિસ્થિતિઓ સ્પિન બોલિંગ માટે ખાસ અનુકૂળ ન હોવાથી, ફક્ત આંકડાઓના આધારે તેના પ્રદર્શનનું મૂલ્યાંકન કરવું અન્યાયી રહેશે. તેમ છતાં ટીમ મેનેજમેન્ટ મોટી ટુર્નામેન્ટ પહેલા તેના વિકલ્પોને મજબૂત રાખવાનો હેતુ ધરાવે છે.

કૃણાલ પંડ્યાએ IPL 2026માં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) માટે પ્રભાવશાળી પ્રદર્શન કર્યું. સમગ્ર સીઝન દરમિયાન તેણે ૨૨૬ રન બનાવ્યા અને ૧૪ વિકેટ લીધી. તેણે ૧૪૫.૮૧નો બેટિંગ સ્ટ્રાઈક રેટ જાળવી રાખ્યો અને આર્થિક બોલિંગ સ્પેલ સાથે પોતાનું મૂલ્ય દર્શાવ્યું. T20 ક્રિકેટમાં મિડલ ઓવરો દરમિયાન રનને રોકવાની અને ભાગીદારી તોડવાની તેની ક્ષમતા ટીમ માટે ખૂબ ફાયદાકારક સાબિત થઈ શકે છે.

### વનબંધુઓ માટે રોજગારી અને 'કુસુમ યોજના' હેઠળ તમામ વ્યવસ્થા સુનિશ્ચિત કરવા સરકાર કટિબદ્ધઃ વન, પર્યાવરણ રાજ્યમંત્રી પ્રવિણભાઈ માળી

# રાજ્ય સરકારના સંવેદનશીલ અભિગમથી સાગબારા- ઉમરપાડામાં જમીન ખેડાણ વિવાદનું હકારાત્મક નિવારણ

### જળ સંપત્તિ પાણી, પુરવઠા રાજ્ય મંત્રી ઈશ્વરસિંહ પટેલ, વન, પર્યાવરણ રાજ્યમંત્રી પ્રવિણભાઈ માળી, સાંસદ મનસુખભાઈ વસાવાના હસ્તે આદિવાસી ખેડૂતોના ઉપવાસના પારણા





માહિતી બ્યુરો-સુરત, સોમવારઃ રાજ્ય સરકારના સકારાત્મક અને સંવેદનશીલ અભિગમથી સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકાના અને નર્મદા જિલ્લાના સાગબારાના આદિવાસી ખેડૂતો વચ્ચે જંગલ જમીનના ખેડાણ અને હક-અધિકારો અંગેના વિવાદનો ઉમરપાડા તાલુકાના હરિપુરા ખાતે જળ સંપત્તિ પાણી, પુરવઠા મંત્રી અને નર્મદા જિલ્લા પ્રભારી મંત્રી ઈશ્વરસિંહ પટેલ અને વન, પર્યાવરણ રાજ્યમંત્રી પ્રવીણભાઈ માળી, સાંસદ મનસુખભાઈ વસાવાની ઉપસ્થિતિમાં સુખદ અને શાંતિપૂર્ણ નિરાકરણ આવ્યું હતું. રાજ્ય સરકારની આ સકારાત્મક ખાતરી બાદ ધરણા પર બેઠેલા તમામ આંદોલનકારી ખેડૂતોએ મહાનુભાવોના હસ્તે પારણાં કરીને ધરણા પૂર્ણ કર્યા હતા.

સમાજના છેવાડાના અને સાચા હકદાર નાગરિકને યોગ્ય ન્યાય મળે તે માટે રાજ્ય સરકારનો હંમેશાં સકારાત્મક દ્રષ્ટિકોણ રહ્યો છે એમ જણાવી વન મંત્રીશ્રી પ્રવિણભાઈ માળીએ કહ્યું કે, ખેડૂતોની આ રજૂઆતો અને સ્થાનિક સ્થિતિની ગંભીરતાને ધ્યાને લઈને રાજ્ય સરકારે ત્વરિત પગલાં લીધાં છે. નાયબ મુખ્યમંત્રીશ્રી તેમજ સાંસદશ્રી અને સ્થાનિક ધારાસભ્યો-લોકપ્રતિનિધિઓ સાથે ગાંધીનગરમાં યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં ખેડૂતોના પ્રશ્નોનો કાયદાકીય અને ન્યાયી ઉકેલ લાવવા મહત્વપૂર્ણ નિર્ણયો લેવાયા છે. વધુમાં મંત્રીશ્રીએ કહ્યું હતું કે, આવનારા સમયમાં વન વિભાગ દ્વારા આદિવાસી સમાજના ભાઈ-બહેનોને સ્થાનિક કક્ષાએ વધુને વધુ રોજગારી મળી રહે તે માટે સુચારુ આયોજન કરવામાં આવશે. આ ઉપરાંત, 'કુસુમ યોજના' હેઠળ જરૂરી તમામ પ્રકારની સવલતો અને વ્યવસ્થા પૂરી પાડવા માટે રાજ્ય સરકાર સંપૂર્ણ કટિબદ્ધ છે. સમાજના અંતિમ હરોળ પર બેઠેલો માનવી પણ વિકાસની અગ્રિમ હરોળમાં આવે તે માટે સરકારે અનેકવિધ કલ્યાણકારી યોજનાઓ અમલી બનાવી છે.

સાંસદ મનસુખભાઈ વસાવાએ જણાવ્યું હતું કે, જંગલ વિસ્તારમાં વસવાટ કરતા આપણા આદિવાસી નાગરિકોના સર્વાંગી વિકાસ અને સમૃદ્ધિ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. વનવાસી ભાઈ-બહેનોને વિકાસની મુખ્ય ધારામાં લાવવા માટે સરકારે અનેકવિધ જનકલ્યાણકારી યોજનાઓથી લાભાન્વિત કર્યા છે. વર્ષોથી જંગલની જમીન ખેડીને પોતાનું ગુજરાન ચલાવતા આદિવાસી નાગરિકોને તેમનો વાસ્તવિક ન્યાય મળે તે માટે રાજ્ય સરકારનો અભિગમ હંમેશા સકારાત્મક અને સંવેદનશીલ રહ્યો છે.

વધુમાં સાંસદે કહ્યું હતું કે, ભૂતકાળમાં જે આદિવાસી ભાઈઓને જંગલ જમીનના અધિકાર પત્રો મળેલા છે, તે તમામ સનદો અને અધિકારો મુજબ આગામી સમયમાં યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આ ઉપરાંત, જિલ્લા સમિતિ હેઠળ હાલ જે દાવાઓ પેન્ડિંગ છે, તે તમામ દાવાઓની જરૂરી આધાર-પુરાવાની ચકાસણી કરીને આગામી દિવસોમાં જંગલ જમીન અધિકાર અધિનિયમ (FRA કાયદા) હેઠળ પાત્રતા ધરાવતા તમામ અરજદારોને અધિકાર પત્રો એનાયત કરવામાં આવશે એમ તેમણે જણાવ્યુ હતું.

આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય મહેશભાઈ વસાવા, ભરૂચ જિલ્લા પંચાયત પ્રમુખ અંજનાબેન વસાવા, પૂર્વ વન મંત્રી મોતીભાઈ વસાવા, પોલીસ તેમજ વન વિભાગના અધિકારીઓ સહિત વિવિધ ગામના સરપંચો, સામાજિક અગ્રણીઓ, ખેડૂતો ઉપસ્થિત રહ્યાં હતા.

# વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૭: નવી દિલ્હી કર્ટેન રેઈઝર

### ગુજરાતમાં દરેક નિવેશને વિકાસનું માધ્યમ-ઉદ્યોગોને રોજગારનો આધાર-ઈનોવેશનને ભારતની શક્તિ બનાવી વિકસિત ભારત ૨૦૪૭ માટે વિકસિત ગુજરાતના નિર્માણમાં સહભાગી થવા ઈન્વેસ્ટર્સ-બિઝનેસ લિડર્સને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનું આહવાન

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની આગવી સોચથી શરૂ થયેલી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટે વિશ્વને સંદેશ આપ્યો છે કે નીતિમાં સ્થિરતાં, નિર્ણયમાં પારદર્શિતા અને વ્યવસ્થામાં ગતિ હોય ત્યાં નિવેષકો આપોઆપ આકર્ષિત થાય છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે 'વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૭' નવી દિલ્હીમાં યોજાયેલા કર્ટેન રેઈઝર એવેન્ટમાં આ મત વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ ઈન્વેસ્ટર્સ અને બિઝનેસ લીડર્સને ગુજરાતમાં રોકાણોથી વિકાસયાત્રામાં સહભાગી બનવા નિમંત્રણ પાઠવતાં રાજ્યમાં હરેક નિવેશને વિકાસનું માધ્યમ, ઉદ્યોગને રોજગારનો આધાર, ઈનોવેશનને ભારતની શક્તિ બનાવીને વિકસિત ભારત ૨૦૪૭ માટે વિકસિત ગુજરાત ૨૦૪૭ના નિર્માણમાં ભાગીદાર બનવા આ ઈવેન્ટમાં આહવાન કર્યું હતું.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૦૩માં એક નવતર વિચાર સાથે વિશ્વના રોકાણકારોને ગુજરાત સાથે જોડવા વાઈબ્રન્ટ સમિટ શરૂ કરાવી હતી. આ સમિટ આજે દુનિયાના ઉદ્યોગ-રોકાણકારોના ગુજરાત પરના વિશ્વાસનું પ્રતીક અને નોલેજ શેરિંગ પ્લેટફોર્મ બની ગઈ છે તેમ તેમણે ગૌરવ સહ ઉમેર્યું હતું.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, કેન્દ્રીય મંત્રી શ્રી ડૉ. મનસુખ માંડવીયા, રાજ્યમંત્રી શ્રીમતી નિમુબેન બાંભણિયા તથા મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સલાહકાર શ્રી ડૉ. હસમુખ અઢિયા સહિત મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ અને કેન્દ્ર-રાજ્ય સરકારના વરિષ્ઠ સચિવો આ અવસરે ઉપસ્થિત રહ્યા હતા.

નવી દિલ્હીના ભારત મંડપમાં સૌપ્રથમવાર યોજાયેલી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૭ની આ પ્રમોશનલ ઈવેન્ટમાં અગ્રણી ઉદ્યોગ સંચાલકો, નિવેષકો વિશાળ સંખ્યામાં જોડાયા હતા.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ કે, વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૭ વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ગુજરાતની ૨૫ વર્ષની અવિરત વિકાસયાત્રાની સફળતા અને નવા ગુજરાતની નવી આકાંક્ષાઓનો ઉદઘોષના અવસર છે.

તેમણે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ૨૧મી સદીના ભારતના જ નહીં પરંતુ દુનિયાના પ્રમુખ દૂરદર્શી નેતાઓમાં સૌથી આગળ છે સૌને આજે વિશ્વાસ છે કે મોદી હે તો મુમકિન હૈ.

આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીએ અસંભવ લાગતા કામોને સંભવ કરી બતાવ્યા છે. એટલું જ નહીં, એક સમયે માત્ર સપનું હતું તે આજે ભારતની વિકાસયાત્રાનો સંકલ્પ બની ગયો છે.

તેમણે ઉમેર્યું કે, ગુજરાતે આ પરિવર્તનને બહુ નજીકથી જોયું છે અને 'જે કહેવું તે કરવું'ના વડાપ્રધાનશ્રીના મંત્રને વાઈબ્રન્ટ સમિટથી ધરતી પર ઉતાર્યો છે.

મુખ્યમંત્રીશ્રી એમ પણ જણાવ્યું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતને નિવેશ આકર્ષિત કરનારા રાજ્ય તરીકે જ નહીં દેશના વિકાસના ગ્રોથ એન્જિન બનાવવાની નેમ સાથે વાઈબ્રન્ટ સમિટનો વિચાર આપેલો.

ગુજરાત આજે ડેવલપમેન્ટના રોલ મોડલ તરીકે ડેવલપમેન્ટ વિથ ડિલિવરીના મૂળ મંત્ર સાથે આગળ વધ્યું છે તેની વિશદ ભૂમિકા આપતા શ્રી ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું કે, માત્ર રોડ, રસ્તા, વીજળી, પાણી કે ઉદ્યોગ એટલે ગુજરાત મોડેલ એવી સીમિત વ્યાખ્યા નથી રાખી.

ગુજરાતે એક એવી ઈકોસિસ્ટમ નિર્માણ કરી છે જ્યાં ઈન્વેસ્ટર્સને જમીન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપરાંત પોલીસી સ્ટેબિલિટી, સ્પીડ ટ્રાન્સપેરન્સી, સ્કિલ્ડ મેનપાવર અને વિશ્વાસ તથા સુરક્ષા બધું જ એક સાથે મળી રહે છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, આ બધાના પરિણામે ગુજરાત દેશમાં FDI મેળવવામાં અગ્રેસર છે. ટ્રેડિશનલ ઈન્ડસ્ટ્રીઝમાં પોતાની સ્ટ્રેન્થ પુરવાર કરીને હવે ગુજરાતે ભવિષ્યના ઉદ્યોગોમાં લીડ લેવા કમર કસી છે.

"વિકસિત ગુજરાત-શેપિંગ ગ્લોબલ ફ્યુચર"ની થીમ સાથે યોજાનારી વાઈબ્રન્ટ સમિટ ૨૦૨૭ ગુજરાતને સોફ્ટ પાવર, સેમિકન્ડક્ટર, ફીન્ટેક, ગ્રીન હાઈડ્રોજન, એ.આઈ. જેવા ઉભરતાં સેક્ટર્સ અને ગ્રીન ગ્રોથ પર વિશેષ ફોકસ કરનારી રહેશે તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ વર્ષના સ્વતંત્રતા દિવસે સપ્ત ધારાનું જે વિકાસ આહવાન કર્યું છે તેને ગુજરાત ઝિલી લેવા સંપૂર્ણ સજ્જ છે.

મેન્યુફેક્ચરિંગ અને ડાયમંડ ઈન્ડસ્ટ્રીમાં ગુજરાતની કેપેસિટી, એગ્રીકલ્ચરમાં પ્રોડક્ટિવિટી, ટેકનોલોજીમાં ઈનોવેશન, ગતિશક્તિમાં કનેક્ટિવિટી, ડિફેન્સમાં મેન્યુફેક્ચરિંગ, ગ્રીન અને બ્લુ ઈકોનોમીમાં નેચરલ સ્ટ્રેન્થ અને સોફ્ટ પાવરમાં સંસ્કૃતિ આ બધાને સાથે જોડીને વાઈબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૨૭થી વડાપ્રધાનશ્રીના સપ્ત ધારા સંકલ્પને ગતિ આપવાનો નિર્ધાર તેમણે વ્યક્ત કર્યો હતો.

● નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ દેશ-વિદેશના રોકાણકારો અને ઉદ્યોગસાહસિકોને ગુજરાતમાં રોકાણ કરવા આમંત્રણ પાઠવતાં જણાવ્યું કે, "એક્ઝિક્યુશન વિનાનું વિઝન માત્ર ભાષણ બની રહે છે અને વિઝન વિનાનું એક્ઝિક્યુશન માત્ર ભાગદોડ છે. ગુજરાતે સચોટ વિઝન અને ઝડપી અમલનું ઉત્કૃષ્ટ ઉદાહરણ સમગ્ર દેશ સમક્ષ પૂરું પાડ્યું છે."

ગુજરાતની અવિરત વિકાસયાત્રામાં સરકાર અને ઉદ્યોગજગત વચ્ચેનો પરસ્પર વિશ્વાસ સૌથી મોટો આધારસ્તંભ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં સરકાર માત્ર શાસક જ નહીં, પરંતુ 'ટીમ ગુજરાત' બનીને ઉદ્યોગોના વિચારો તથા જરૂરિયાતોને સમજી નવી તકોનું સર્જન કરી રહી છે. ગુજરાતની આર્થિક પ્રગતિના આંકડા રજૂ કરતાં તેમણે જણાવ્યું કે, વર્ષ ૨૦૦૨-૦૩માં ગુજરાતનું અર્થતંત્ર આશરે રૂ. ૧.૪૨ લાખ કરોડ હતું, જે દીર્ઘદ્રષ્ટા નીતિઓ અને નાગરિકોના પરિશ્રમથી આજે આશરે રૂ. ૨૭ લાખ કરોડે પહોંચ્યું છે. દેશની વસ્તીમાં ૫% અને ભૂગોળમાં ૬% હિસ્સો ધરાવતું ગુજરાત, દેશના કુલ GDPમાં ૮.૨% અને કુલ મેન્યુફેક્ચરિંગ આઉટપુટમાં અંદાજે ૧૮% યોગદાન આપે છે. ગુજરાતે અત્યાર સુધીમાં ૭૪.૬ બિલિયન અમેરિકી ડૉલરનું સીધું વિદેશી રોકાણ આકર્ષ્યું છે, જ્યારે દેશના ૪૦%થી વધુ કાર્ગોનું હેન્ડલિંગ ગુજરાતના બંદરો દ્વારા થાય છે.

રોકાણકારોને સંપૂર્ણ સુરક્ષાનો ભરોસો આપતાં નાયબ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, કોઈપણ ઉદ્યોગકાર પોતાના રોકાણની સુરક્ષા અને ઉત્તમ વળતર ઈચ્છે છે, અને ગુજરાત આ બંને બાબતો માટે પ્રતિબદ્ધ છે. છેલ્લા ૨૫ વર્ષમાં સરકારે જે ઈન્સેન્ટિવ્સ આપવાનું વચન આપ્યું હોય, તે પૂર્ણ ન કર્યું હોય તેવો એક પણ કિસ્સો બન્યો નથી. વહીવટી પારદર્શિતા અને ઝડપ વધારવા માટે ઉદ્યોગ વિભાગમાં ઈન્સેન્ટિવ ફાઈલો ક્લિયર કરવાની ગતિ દૈનિક ૧૬૦થી વધારીને ૩૯૫ સુધી પહોંચાડવામાં આવી છે, તે ટૂંક સમયમાં દરરોજ ૫૦૦ ફાઈલ કરવાનો લક્ષ્યાંક છે. વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૭માં ભાગીદાર બનીને રાજ્યની પ્રગતિ સાથે જોડાવા તેમણે રોકાણકારોને હૃદયપૂર્વક આમંત્રણ આપ્યું હતું.

● કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખભાઈ માંડવિયા

કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખભાઈ માંડવિયાએ આ પ્રસંગે રોકાણકારોને ગ્રીન હાઈડ્રોજન, હાઈડ્રોજન સ્ટોરેજ, ડેટા સેન્ટર અને સેમિકન્ડક્ટર જેવા ક્ષેત્રોમાં ઉપલબ્ધ તકોનો અભ્યાસ કરીને વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૭માં સક્રિય ભાગીદારી કરવા અને ગુજરાતમાં રોકાણ કરવા આહ્વાન કર્યું હતું. તેમણે જણાવ્યું કે, ગુજરાતનું કલ્ચર જ એન્ટરપ્રેન્યોરશિપ અને બિઝનેસનું છે. ગુજરાતની સકારાત્મક વિચારસરણી અને વેપાર કરવાની પરંપરા આજે રાજ્યને દેશના અગ્રણી રોકાણ કેન્દ્રોમાં સ્થાન અપાવે છે. સમય સાથે બદલાવ કરવાનો અભિગમ ગુજરાતે સદીઓથી અપનાવ્યો છે. લોથલકાળથી આજ સુધી ગુજરાત વેપાર, ઉદ્યોગસાહસિકતા અને આંતરરાષ્ટ્રીય વેપાર સાથે જોડાયેલું રહ્યું છે તેમ પણ તેમણે ઉમેર્યુ હતું.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

# ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા ગાંધીનગરમાં યોજાયો ભવ્ય "રાજ્યસ્તરીય દ્વિતીય સંસ્કૃત-સપ્તાહ-મહોત્સવ"



ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા 'વિકસિત ભારત અભિયાન' અંતર્ગત ટાઉન હોલ, સેક્ટર-૧૭, ગાંધીનગર ખાતે "રાજ્યસ્તરીય દ્વિતીય સંસ્કૃત-સપ્તાહ-મહોત્સવ"નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સંબોધતા રાજ્યકક્ષાના ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રી શ્રી ત્રિકમભાઈ છાંગાએ જણાવ્યું હતું કે,સંસ્કૃત ભાષા માત્ર ઉજવણી કે પ્રચાર-પ્રસાર પૂરતી સીમિત ન રહેતાં તેના વાસ્તવિક અને દૈનિક વ્યવહારમાં ઉપયોગ વધે તે દિશામાં રાજ્ય સરકાર અને સંસ્કૃત બોર્ડ દ્વારા સઘન પ્રયાસો થઈ રહ્યા છે. સંસ્કૃત એ માત્ર ભાષાકીય અભિવ્યક્તિ નથી, પરંતુ તે આપણી પ્રાચીન સંસ્કૃતિ, સંસ્કાર, આચાર અને વિચારનું પ્રતિક છે.

તેમણે ઉમેર્યું હતું કે, પ્રાચીન સમયમાં આપણી મહાન સંપત્તિ અને સાહિત્ય સંસ્કૃત ભાષામાં જ જળવાયેલું હતું. રાજ્યના તમામ ૩૪ જિલ્લાઓ અને ૨૩૧ તાલુકાઓ સુધી પહોંચીને અંદાજે ૩ લાખથી વધુ લોકો સુધી સંસ્કૃત સપ્તાહની પ્રવૃત્તિઓ વિસ્તારવામાં આવી છે. નવી શિક્ષણ નીતિ -NEPના અમલીકરણ સાથે સંસ્કૃત ભાષાનું પુનરુત્થાન થશે અને પ્રાચીન ઋષિ પરંપરાને પુનર્જીવિત કરી શકાશે. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે શિક્ષણ ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે બજેટમાં માતબર રકમની ફાળવણી કરી છે, જે સંસ્કાર, સંસ્કૃતિ અને શિક્ષણ પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે. અને સૌના સહિયારા પ્રયાસોથી ગુજરાતમાં સંસ્કૃત ભાષાના જતન અને સંવર્ધનને એક નવી દિશા મળશે તેવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો.

કાર્યક્રમના વક્તા અને સંસ્કૃત ભારતી દિલ્હીના અખિલ ભારતીય સંગઠન મંત્રી શ્રી જયપ્રકાશ ગૌતમે આ પ્રસંગે જણાવ્યું હતું કે, સંસ્કૃત ભાષા "ચિર-નવીના" છે અને આજના આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ તથા તકનીકી યુગમાં પણ સચોટ અનુવાદ અને જ્ઞાન-સંચાર માટે અત્યંત મહત્વપૂર્ણ છે. દેશના ૭૨૬ જિલ્લાઓ અને IIT, IIM જેવી અગ્રણી સંસ્થાઓ સુધી સંસ્કૃત સપ્તાહનો વ્યાપ વધ્યો છે.

ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના અધ્યક્ષ શ્રી હિમાંજય પાલીવાલે સ્વાગત પ્રવચન આપતાં જણાવ્યું કે, અન્ય રાજ્યો કરતાં અલગ ગુજરાત દેશનું એકમાત્ર એવું રાજ્ય છે જ્યાં મુખ્યમંત્રીશ્રી દ્વારા સંસ્કૃત સપ્તાહને 'યોજના' સ્વરૂપે સ્વીકારવામાં આવી છે, જેથી "સંસ્કૃતં સર્વેશામ્, સંસ્કૃતં સર્વત્ર" ના મંત્ર સાથે તેને વર્ગખંડોમાંથી બહાર લાવી લોકભોગ્ય બનાવી શકાય.

આ પ્રસંગે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, ગાંધીનગર દ્વારા 'વિકાસ પણ, વિરાસત પણ' અને 'વિકસિત ભારત અભિયાન'ના સંકલ્પ સાથે ૩૧ ઓગસ્ટ ૨૦૨૬થી વિશેષ સંસ્કૃત પ્રકલ્પોનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ યોજનાઓ હેઠળ વિદ્યાર્થીઓ અને સંસ્કૃત પ્રેમીઓ માટે 'શ્રીમદ્ ભગવદ્ ગીતા યોજના' જેમાં ગીતાંશ કંઠપાઠ અને સંપૂર્ણ ગીતા કંઠપાઠ એમ બે વિભાગ છે તથા 'શત સુભાષિત કંઠપાઠ યોજના' અંતર્ગત ૧૦૦ સુભાષિતો મુખપાઠ કરવા માટે શરૂ કરવામાં આવી છે. આ યોજનાઓમાં ભાગ લેવા માટેના ફોર્મ અને નોંધણી પ્રક્રિયા આપેલા ઊઇ કોડ મારફતે ઓનલાઈન ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે, જેથી આપણી પ્રાચીન સંસ્કૃત વિરાસત, સુભાષિતો અને ભગવદ્ ગીતાના મૂલ્યો નવી પેઢી સુધી પહોંચાડી શકાય.ઉપરાંત, સંસ્કૃત સપ્તાહ દરમિયાન ઉત્કૃષ્ટ કામગીરી કરનાર જિલ્લા શિક્ષણ અધિકારીઓ -DEO અને જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીઓ -DPEO ને પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં શાળા કમિશનરશ્રી આનંદ પટેલ, સંસ્કૃત ભારતી ગુજરાતના અધ્યક્ષ શ્રી કૃષ્ણપ્રસાદ નિરોલા તેમજ મોટી સંખ્યામાં સંસ્કૃત શિક્ષકો અને ભાષાપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

- નેહા તલાવિયા

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

### સવર્ણ સમાજે ૪ મુખ્ય મુદ્દે ચર્ચા કરી આપ્યું અલ્ટીમેટમ : ૧૦ દિવસમાં પ્રશ્નો ઉકેલો નહી તો તાળાબંધી

# બિન અનામત આયોગમાં લાલીયાવાડીનો આક્ષેપ : ૧૦ દિવસમાં પ્રશ્નો ઉકેલો નહીતર તાળાબંધીની ચીમકી



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં સવર્ણ સમાજના વિવિધ પ્રશ્નો અને અનામત નીતીને લઈને ફરી એકવાર ચર્ચા તેજ બની છે. ગાંધીનગરમાં સવર્ણ સમાજોની ચિંતન શિબિર યોજાઈ હતી. જેમાં અનામત વ્યવસ્થાની સમીક્ષા સહિત વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. શિબિરમાં બિન અનામત આયોગમાં ચાલી રહેલી કામગીરી સામે પણ સવાલો ઉઠાવવામાં આવ્યા હતા.

પાટીદાર અગ્રણી દિનેશ બાંભણીયાએ બિન અનામત આયોગમાં લાલીયાવાડી ચાલતી હોવાનો આક્ષેપ કરીને સરકારને ૧૦ દિવસનુ અલ્ટીમેટમ આપ્યુ છે. તેમણે વધુમાં જણાવ્યુ કે આ સમયગાળામાં આયોગની અંદરની નિમણુંકો અને અન્ય પ્રશ્નોનું સમાધાન નહી આવે તો બિનઅનામત આયોગ અને બિનઅનામત નિગમને તાળાબંધી કરવાની દિશામાં નિર્ણય લેવામાં આવશે. ગાંધીનગરમાં યોજાયેલી ચિંતન શિબિરમાં સવર્ણ સમાજ સાથે જોડાયેલા વિવિધ પ્રશ્નો પર ચર્ચા થઈ હતી. તેમાં મુખ્યત્વે અનામત નીતીની સમીક્ષા, યુજીસી ના કાયદા સામે વિરોધ, સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં ઈડબલ્યુએસ માટેની જોગવાઈ અને બિનઅનામત આયોગની કામગીરી જેવા મુદ્દાઓ ચર્ચાના કેન્દ્રમાં રહ્યા હતા. આ ઉપરાંત અનામત વ્યવસ્થાની સમીક્ષા કરીને જરૂરી સુધારા કરવામાં આવે તેવી પણ માંગ ઉઠાવવામાં આવી હતી.

પાટીદાર અગ્રણી દિનેશ બાંભણીયાએ બિનઅનામત આયોગની કામગીરી અંગે ગંભીર આક્ષેપો કર્યા હતા. તેમના જણાવ્યા મુજબ આયોગમાં અનેક અસુવિધાઓ અને પ્રશ્નો છે. જેનુ તાત્કાલીક નિરાકરણ લાવવાની જરૂર છે. તેમણે વધુમાં કહ્યુ કે સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં ૧૦ ટકા અનામતની જોગવાઈ કરવાની માંગ સવર્ણ સમાજ દ્વારા છેલ્લા એક વરસથી કરવામાં આવી રહી છે.

૨૦૨૩ માં ઝવેરી કમિશનની નિમણુંક બાદ આ મુદ્દે કાયદેસર માન્યતા આપવાની માંગ પણ કરવામાં આવી રહી હોવાનુ તેમણે જણાવ્યુ હતું. બાંભણીયાના જણાવ્યા પ્રમાણે યુજીસી સંબંધિત કાયદા સામેની ચળવળને ગુજરાતમાંથી આગળ વધારવામાં આવશે અને દેશભરમાં ચાલી રહેલી આ પ્રકારની ચળવળને પણ સમર્થન આપવામાં આવશે. તેમણે સ્પષ્ટ ચીમકી આપતા કહ્યુ હતુ કે ૧૦ દિવસમાં બિનઅનામત આયોગની નિમણુંકો અને અન્ય પ્રશ્નોનુ યોગ્ય નિરાકરણ નહી આવે તો બિનઅનામત આયોગ તથા બિનઅનામત નિગમને તાળાબંધી કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

ચિંતન શિબિરમાં પાટીદાર અગ્રણી વરૂણ પટેલે પણ અનામત વ્યવસ્થાને લઈને સરકાર સમક્ષ પોતાની માંગ રજુ કરી હતી. તેમણે વર્તમાન અનામત નીતીની ગંભીરતા પૂર્વક સમીક્ષા કરવાની જરૂરીયાત વ્યકત કરી હતી. વરૂણ પટેલે સરકાર પાસે અનામતના લાભથી અત્યાર સુધી કેટલા પરીવારો, સમાજો, ધર્મો અને વિવિધ વર્ગોને લાભ મળ્યો છે. તેનો સંપૂર્ણ ડેટા જાહેર કરવાની માંગ કરી હતી. તેમના કહેવા પ્રમાણે કઈ જ્ઞાતિ અથવા વર્ગને અનામતનો લાભ મળ્યો છે, કોનુ સામાજિક ઉત્થાન થયુ છે અને હજુ કયા વર્ગો વિકાસથી વંચિત છે તેની માહિતીના આધારે ભવિષ્યની અનામતનીતી અંગે નિર્ણય લેવો જોઈએ. તેમણે અનામતના આંકડા જાહેર કરીને જિલ્લા પંચાયતથી લઈને રાજય વિધાનસભા, સંસદ અને રાજયસભા સુધી ખુલ્લા મંચ પર ચર્ચા થવી જોઈએ તેવી માંગણી પણ કરી હતી.

ચિંતન શિબિરમાં બ્રહ્મ સમાજના આગેવાન જીગર મહેતાએ પણ સવર્ણ સમાજની માંગણીઓને સમર્થન આપ્યુ હતું. તેમણે જણાવ્યુ હતુ કે ગુજરાતના વિવિધ વિસ્તારોમાંથી સવર્ણ સમાજના પ્રતિનિધિઓ ચિંતન શિબિરમાં હાજર રહ્યા હતા.

બ્રહ્મ સમાજના વડીલો અને આગેવાનો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જીગર મહેતાએ બ્રહ્મ સમાજ તરફથી સવર્ણ એકતા મંચ ને સંપૂર્ણ સમર્થન જાહેર કરતા કહ્યુ હતુ કે સવર્ણ સમાજ દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાઓ અને તેમની લડતમાં બ્રહ્મ સમાજ સાથ આપશે.

## ગુજરાતમાં હૃદયરોગના કેસમાં ચિંતાજનક વધારો : ૧૦૮ને કાર્ડિયાક ઈમરજન્સી કોલ માં ૨૦૨ ટકાનો વધારો



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં હૃદયરોગના કેસમાં ચિંતાજનક વધારો જોવા મળ્યો છે. છેલ્લા ૧૫ વરસોમાં કેસની સંખ્યા ખુબ વધી છે. ૧૦૮ ને કાર્ડિયાક ઈમરજન્સી કોલ માં ૨૦૨ ટકાનો વધારો થયો છે. તો ચાલુ વરસે ૧૦૮ ને કાર્ડિયાક ઈમરજન્સીને ૮,૯૧૮ કોલ મળ્યા હતા. યુવાનોએ આ સમાચાર થી ચેતી જવાની જરૂર છે. કારણ કે તેનો સૌથી વધુ ભોગ યુવાનો બની રહ્યા છે. ગુજરાતમાં હાલ રોજે રોજ સરેરાશ ૨૯૪ વ્યકિતને હૃદયની સારવાર માટે ૧૦૮ ની જરૂર પડે છે.

આ સ્થિતિ યથાવત રહી તો વર્ષના અંત સુધીમાં હૃદયની ઈમરજન્સી ના કેસ ૧.૦૭ લાખ ને પાર જઈ શકે છે. હાલમાં રાજયમાં હૃદયની ઈમરજન્સીના જે કેસ નોંધાયા છે તેમાંથી ૨૬ ટકા તો માત્ર અમદાવાદમાં થી હોય છે. અમદાવાદમાં ચાલુ વરસે પ્રથમ ૬ મહિનામાં હૃદયની સમસ્યાના ૧૩૭૬૦ કેસ નોંધાઈ ચુકયા છે. ૧૦૮ માં આવતા હૃદયની સમસ્યાના ૪ માં થી ૧ કોલ્સ માત્ર અમદાવાદમાં થી જ હોય છે. સુરત બીજો , રાજકોટ ત્રીજો, ભાવનગર ચોથો, વડોદરા પાંચમો હોય છે.

## રક્ષાબંધને બહેને નિભાવી રક્ષાની પરંપરાઃ અંતિમ વિદાયે ગુપ્ત અંગદાન કરી ૪ દર્દીઓને આપ્યું 'જીવનદાન'




રક્ષાબંધનના પવિત્ર પર્વે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે એક અત્યંત હૃદયસ્પર્શી અને પ્રેરણાદાયી ઘટના સામે આવી છે. બ્રેઈન હેમરેજ બાદ બ્રેઈનડેડ જાહેર કરાયેલા ૪૧ વર્ષીય મહિલાના પરિવારે દુઃખની ઘડીમાં પણ અપાર હિંમત દાખવીને ગુપ્ત અંગદાન કરવાનો ઉમદા નિર્ણય લીધો હતો. આ મહાદાનથી પ્રાપ્ત થયેલા એક હૃદય, એક લીવર અને બે કિડની થકી ચાર દર્દીઓને નવજીવન મળ્યું છે, જે તેમના પરિવારો માટે આશાનું નવું કિરણ બન્યું છે.

ઘટના અંગે વિગતવાર માહિતી આપતા સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષક ડૉ. રાકેશ જોશીએ જણાવ્યું હતું કે, ૪૧ વર્ષીય મહિલાને ગંભીર બ્રેઈન હેમરેજ થતાં સિવિલ હોસ્પિટલના ICUમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા. તબીબોની સઘન સારવાર છતાં ગત તા. ૨૭ ઓગસ્ટના રોજ તેમને બ્રેઈનડેડ જાહેર કરાયા હતા. ત્યારબાદ સિવિલ હોસ્પિટલની અંગદાન ટીમના ડૉ. નિમેશ દેસાઈએ પરિવારજનોને અંગદાનના મહત્વ વિશે સમજ આપતાં, શોકગ્રસ્ત પરિવારે સહર્ષ સંમતિ આપી હતી.

ડૉ. રાકેશ જોશીએ વધુમાં ઉમેર્યું હતું કે, રક્ષાબંધનના પાવન પર્વે એક બહેનના અંગદાનથી ચાર પરિવારોમાં ખુશીઓની નવી સવાર ઊગી છે. અંગદાન એ કેવળ અંગોનું દાન નથી, પરંતુ કોઈના નિરાશ જીવનમાં આશા અને મુસ્કુરાહટ લાવવાનું શ્રેષ્ઠ મહાદાન છે.

આ ગુપ્ત અંગદાનથી પ્રાપ્ત થયેલું હૃદય યુ.એન. મહેતા હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા જરૂરિયાતમંદ દર્દીમાં પ્રત્યારોપિત કરવામાં આવશે. જ્યારે એક લીવર અને બંને કિડની IKDRC હોસ્પિટલમાં દાખલ દર્દીઓમાં પ્રત્યારોપિત કરાશે.

અમદાવાદ સિવિલ હોસ્પિટલની આ સફળ ઝુંબેશથી અત્યાર સુધીમાં કુલ ૨૫૨ અંગદાતાઓ પાસેથી ૪૬૬ કિડની, ૨૨૬ લીવર, ૮૦ હૃદય, ૩૪ ફેફસાં, ૨૧ સ્વાદુપિંડ, ૬ હાથ અને ૨ નાનાં આંતરડાં મળીને કુલ ૮૩૫ અંગો પ્રાપ્ત થયા છે. આ ઉપરાંત, ૨૦૦ ચક્ષુઓ અને ૪૮ ચામડી (સ્કિન) સહિત ૨૪૮ પેશીઓનું પણ દાન મળ્યું છે. આમ, સિવિલ હોસ્પિટલ ખાતે આજદિન સુધીમાં કુલ ૧,૦૮૩ અંગો અને પેશીઓનું દાન પ્રાપ્ત થઈ ચૂક્યું છે.

- પ્રિન્સ ચાવલા

### બપોરે બસ પોર્ટ બહાર મુસાફરોને બેસાડવા મુદ્દે ખુની ખેલ - ૧ નું મોત : મોડી રાત્રે નાગલપુર વિસ્તારમાં ફોર્ચ્યુનર કાર પર અંધાધૂંધ ફાયરીંગ

# મહેસાણામાં કાયદો અને વ્યવસ્થાના ઉડયા ધજાગરાઃ ૮ કલાકમાં ૫૦૦ મીટરમાં બે હિંસક હુમલાથી અરેરાટી




પ્રતિનિધિ,ગાંધીનગર

મહેસાણા શહેરમાં ગુંડા તત્વોનો ત્રાસ ચરમસીમાએ પહોચ્યો છે. માત્ર ૮ કલાકના ગાળામાં અને ૫૦૦ મીટરના અંતરમાં બે જુદી જુદી હિંસક ઘટનાઓ બહાર આવતા કાયદો અને વ્યવસ્થાથી સ્થિતિ સામે ગંભીર સવાલો ઉભા થયા છે. સરેઆમ હત્યા અને ફાયરીંગની આ ઘટનાઓએ સામાન્ય નાગરીકોની સુરક્ષા પર પ્રશ્નાર્થ ચિન્હ મુકી દીધુ છે અને સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો છે.

મહેસાણા-મોઢેરા એસટી બસ પોર્ટ બહાર મુસાફર બેસાડવા જેવી બાબતે બે ઈકો કાર ચાલકો વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ ખુની ખેલ ખેલાયો હતો. બંને પક્ષના ચાલકોએ એકબીજા પર છરી વડે જીવલેણ હુમલો કર્યો હતો. આ હિંસક અથડામણમાં સાબીર હુસેન નામના ચાલકનુ મોત નિપજયુ હતું. જયારે અન્ય ૩ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. ઘટના બાદ બંને પક્ષના લોકો સીવીલ હોસ્પિટલ પહોચ્યા હતા. આ મામલે પોલીસે ૪ લોકો વિરૂધ્ધ ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. તો અન્ય એક ગણતરીના કલાકો બાદ નાગલપુર ખાતે આવેલી પકવાન ડાઈનીંગ હોલ સામે સરેઆમ ફાયરીંગની સનસનાટીભરી ઘટના બની હતી. ચાણસ્માના ઝીલીયા ગામના ભાવેશ રબારી ઉર્ફે ભાવેશ ઝીલીયા પોતાની ફોર્ચ્યુનર કાર લઈને જઈ રહ્યા હતા. ત્યારે સફેદ સ્કોર્પીયો કાર માં આવેલા અજાણ્યા હુમલાખોરોએ તેમની ગાડીને ૩ થી ૪ વખત જોરદાર ટકકર મારી હતી. ત્યારબાદ સ્કોર્પીયો સવાર શખ્સોએ રીવોલ્વર વડે ભાવેશ ઝીલીયા પર અંધાધૂંધ ફાયરીંગ કર્યુ હતું અને ઘટનાસ્થળે થી ફરાર થઈ ગયા હતા.

સરેઆમ ફાયરીંગની જાણ થતા જ બી ડીવીજન પોલીસ મથકના પીઆઈ સહિતનો મોટો પોલીસ કાફલો તાત્કાલીક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. હુમલા બાદ ભાવેશ ઝીલીયાએ અજાણ્યા હુમલાખોરો વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી હતી. પોલીસે સમગ્ર ઘટનાના સીસીટીવી કુટેજ મેળવીને હુમલાખોરોને ઝડપી પાડવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

તો બીજી તરફ આ ઘટના બાદ પોલીસે હાથ ધરેલી તપાસમાં ચોંકાવનારી વિગતો બહાર આવી છે. પોલીસે ભાવેશ ઝીલીયાની ફોર્ચ્યુનર કારની તપાસ કરતા તેમાંથી ૧ રીવોલ્વર, ૬ જીવતા કારતુસ અને લાકડાના હાથામાં ફીટ કરેલો છરો મળી આવ્યો હતો. આના પરથી ઘટના સમયે ભાવેશ રબારીએ પણ વળતુ ફાયરીંગ કર્યુ હોવાનુ અનુમાન સેવાઈ રહ્યુ છે. ગેરકાયદેસર હથિયારો મળી આવતા આ મામલે ખુદ પોલીસે જ આગળ આવીને મહેસાણા બી ડીવીજન પોલીસ સ્ટેશનમાં વધુ એક ફરીયાદ નોંધાવી છે. પોલીસે ભાવેશ ઝીલીયા અને તેના સાગરીતો સહિત કુલ ૪ શખ્સો વિરૂધ્ધ ગુન્હો દાખલ કર્યો છે. જેમાંથી ૩ આરોપીઓની ધરપકડ પણ કરી લેવામાં આવી છે. હાલમાં બી ડીવીજન પોલીસ આ સમગ્ર ફાયરીંગ અને હથિયારો સંબંધિત કેસમાં આગળની તપાસ ચલાવી રહી છે.

## દિલ્હીમાં ૧૬ વર્ષની સગીરા પર સ્લીપર બસમાં દુષ્કર્મ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશની રાજધાની દિલ્હી ફરી એકવાર કલંકિત થઈ છે. નોઈડાથી દિલ્હી વચ્ચે દોડતી એક સ્લીપર બસમાં ૧૬ વર્ષની સગીરા પર બસના ડ્રાઈવર અને કંડક્ટરે ગેંગરેપ આચર્યાની ભયાનક ઘટના સામે આવી છે. ૪૭ કિલોમીટર સુધી ચાલતી બસમાં સગીરા પર અત્યાચારનો ખુલાસો થયા બાદ પોલીસે બંને આરોપીઓની અટકાયત કરી કાનૂની કાર્યવાહી હાથ ધરી છે.

આ ઘટના ૪ ઓગસ્ટની રાત્રે બની હોવાનું સામે આવ્યું છે. ઉત્તર પ્રદેશના મૈનપુરીની રહેવાસી અને ૧૧મા ધોરણમાં ભણતી ૧૬ વર્ષની સગીરા પોતાના ઘરના સભ્યોથી નારાજ થઈને નોઈડામાં રહેતા પિતરાઈ ભાઈના ઘરે જવા નીકળી હતી. ભારે વરસાદ અને અંધારાના કારણે સગીરા ભૂલથી નોઈડાના પરી ચોક ખાતે ઉતરી ગઈ હતી. ત્યાંથી પસાર થઈ રહેલી એક ખાલી સ્લીપર બસના ડ્રાઈવર અને કંડક્ટરે તેને યોગ્ય જગ્યાએ પહોંચાડવાનું કહીને બસમાં બેસાડી લીધી હતી. બસ સુરજપુર વર્કશોપમાંથી રિપેરિંગ કરાવીને કાશ્મીરી ગેટ તરફ જઈ રહી હતી. પરી ચોકથી કાશ્મીરી ગેટ સુધીના ૪૭ કિલોમીટરના મુસાફરી દરમિયાન બસના ડ્રાઈવર કુલદીપ અને કંડક્ટર સંતોષે સગીરા સાથે અશ્લીલ હરકતો કરી સામૂહિક દુષ્કર્મ આચર્યું હતું. વિરોધ કરવા પર સગીરાને જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી હતી. બસ સ્લીપર હોવાથી અને તેના કાચ પર પડદા લાગેલા હોવાથી બહારના લોકોને અંદર થઈ રહેલી ઘટનાની જાણ થઈ શકી નહોતી. દરિંદગી આચર્યા બાદ બંને આરોપીઓ મોડી રાત્રે સગીરાને કાશ્મીરી ગેટ બસ સ્ટેશન નજીક રિંગ રોડ પર છોડીને ભાગી ગયા હતા. ગભરાયેલી સગીરાએ હિંમત કરીને કાશ્મીરી ગેટ પોલીસ સ્ટેશન પહોંચીને પોતાની સાથે બનેલી આપવીતી જણાવી હતી.

સગીરાની ફરિયાદ આધારે દિલ્હી પોલીસે તુરંત ટીમો બનાવી કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે તિમારપુર વિસ્તારમાં આવેલી એક બસ પાર્કિંગમાંથી આરોપી ડ્રાઈવર કુલદીપ અને કંડક્ટર સંદીપની ધરપકડ કરી લીધી છે. આ ઉપરાંત ગુનામાં ઉપયોગમાં લેવાયેલી સ્લીપર બસને પણ જપ્ત કરવામાં આવી છે અને તેનું ફોરેન્સિક પરીક્ષણ કરાવવામાં આવી રહ્યું છે.

# ભાવનગર બાદ હવે પાટણમાં લઠ્ઠાકાંડની આશંકા : ૨ મોત થયા બાદ એલસીબી પર ધારાસભ્યનો સીધો આક્ષેપ

### ચાણસ્માના ભાટસર અને ઈટોદા ગામના ૨ યુવાનોએ જીવ ગુમાવ્યો : કેનાલ પર ૧૫૦ થી ૨૦૦ યુવાનોની લાઈન : ધારાસભ્યનો સ્ફોટક પર્દાફાશ



પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

રાજયમાં ભાવનગર લઠ્ઠાકાંડની શાહી હજુ સુકાઈ નથી, ત્યાં જ વધુ એક પાટણ જિલ્લામાંથી દારૂના દુષણને કારણે વધુ ૨ યુવકોએ જીવ ગુમાવ્યો હોવાનુ દુઃખદ ઘટના બનવા પામી છે.

ચાણસ્મા તાલુકાના ભાટસર ગામના ૪૦ વર્ષીય યુવક અને ૩૫ વર્ષીય યુવકનુ મોત દારૂ પીવાના કારણે નિપજયુ છે. ગેરકાયદેસર રીતે કેનાલ પર વેચાતા ઝેરી દારૂના કારણે જ આ ૨ યુવકોનો જીવ ગયો હોવાનો સનસનાટીભર્યો આક્ષેપ મૃતકના પરીવારજનોએ કર્યો છે.

મળતી માહિતી મુજબ પ્રથમ ઘટના ચાણસ્મા તાલુકાના ભાટસર ગામમાં બની હતી. જયાં ૪૦ વર્ષીય યુવકનુ દારૂ પીવાના કારણે મોત નિપજયુ હતું. આ બનાવની ગંભીરતા વચ્ચે ઈટોદા ગામના અન્ય એક ૩૫ વર્ષીય યુવકનુ પણ દારૂ પીવાથી મોત થતા હાહાકાર મચી જવા પામ્યો છે. મૃતક યુવકના પરીવારજનોના કહેવા પ્રમાણે તેણે પહેલીવાર જ દારૂ પીધો હતો અને કેનાલ પર ખુલ્લેઆમ વેચાતા દારૂના કારણે તેનો જીવ ગયો છે. નાની વયે જ પરીવારના મોભી અને બે નાના બાળકોના પિતાનુ અવસાન થતા બંને પરીવારો નો માળો પીંખાઈ ગયો છે. ઘટનાની જાણ થતા જ ચાણસ્માના ધારાસભ્ય દિનેશ ઠાકોર પીડીત પરીવારોની મુલાકાતે પહોચ્યા હતા. પરિસ્થિતિનો તાગ મેળવ્યા બાદ તેમણે તંત્ર સામે અત્યંત ગંભીર આરોપો લગાવતા પર્દાફાશ કર્યો હતો કે ચાણસ્માના ભાટસર પાસે આવેલી કેનાલ પર રોજ ૧૫૦ થી ૨૦૦ જેટલા યુવાનો દારૂ ખરીદવા માટે લાઈનમાં ઉભા રહે છે. ગામડે ગામડે દારૂનુ બેફામ વેચાણ થઈ રહ્યુ હોવા છતાં પોલીસ આંખ આડા કાન કરી રહી છે.

ધારાસભ્ય દિનેશ ઠાકોરે પાટણ એલસીબી અને સ્થાનિક પોલીસ તંત્ર પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે સીધો આરોપ લગાવ્યો છે કે એલસીબી પીઆઈ આર જી ઉનાગર અને કોન્સ્ટેબલ કેતન પટેલની રહેમનજર અને હપ્તાખોરી હેઠળ જ દારૂ અને જુગારનો અડ્ડો ચાલી રહ્યો છે. આશ્ચર્યની વાત તો એ છે કે પીઆઈ આર જી ઉનાગરની ભાવનગર ખાતે બદલી થઈ ગઈ હોવા છતાં તેઓ હજુ પણ પાટણ એલસીબીનો ચાર્જ સંભાળી રહ્યા છે. પોલીસે દારૂના અડ્ડાઓ બંધ કરાવવાને બદલે હપ્તાના દર વધારી દીધા છે. જેના કારણે બુટલેગરોએ દારૂના ભાવ વધારી દીધા હોવાનો સ્ફોટક દાવો પણ ધારાસભ્યએ કર્યો છે. આ મુદ્દે ડીજીપી અને એસપી ને રૂબરૂ રજુઆતો કરવા છતાં કોઈ આકરી કાર્યવાહી કરવામાં આવી નથી. ધારાસભ્યએ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સામે સવાલ ઉઠાવ્યો હતો કે સરકારના કડક આદેશો છતાં પોલીસ કેમ દારૂ બંધ નથી કરાવતી ? તેમણે એ પણ સ્પષ્ટ કહ્યુ છે કે જો તંત્ર પગલા નહી લે તો તેઓ પોતે ગામડે ગામડે જઈને બુટલેગરો વિરૂધ્ધ જનતા રેડ અને વ્યાપક ઝુંબેશ ચલાવશે.

## નેપાળમાં પૂરને કારણે બેંકની સોના-ચાંદી સહિત ૪૩.૫ અબજની રકમ પૂરમાં તણાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)કાઠમંડુ

નેપાળના ભોટેકોશી નદીમાં આવેલ અચાનક પુરના કારણે રસુવા-નુવાકોટ જિલ્લામાં બેકિંગ વ્યવસ્થાને મોટું નુકસાન થયું છે. પુરની ઝપેટમાં અહી ૧૧ કોમર્શિયલ બેંકની ૧૭ શાખાઓ પાણીમાં તણાય છે. આ શાખામાં અંદાજે ૪૩.૫ અરબ નેપાળી રુપિયાની જમા રકમ અને ૨૪.૨ અરબ નેપાળી રુપિયાનું કર્જ હતુ. આ શાખાઓ સાથે જોડાયેલા ૭૩,૨૭૫ જમા ખાત અને ૨,૧૨૫ લોન ખાતા હતા. આનો મતલબ એ નથી કે, ૪૩.૫ અરબ રુપિયાની રકમ પૂરમાં તણાય છે. આ શાખામાં ગ્રાહકોની કુલ જમા રકમનો આંકડો છે. આ રીતે ૨૪.૨ અરબ રુપિયા આ ગ્રાહકોને આપેલા લોનનો આંકડો છે. પૂરમાં કેટલા પૈસા, માલસામાન અને અન્ય સંપત્તિનો નાશ થયો છે તે હજુ સુધી ચોક્કસ જાણી શકાયું નથી.

પૂરના કારણે રસુવા અને આસપાસ કહેવાતા વિસ્તારોમાં હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેકટને પણ નુકસાન થયું છે. આ પ્રોજેક્ટમાં બેંકનું મોટું રોકાણ છે પરંતુ આ મોટી લોન સામાન્ય રીતે અનેક બેંકો દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવે છે અને બેંકના કેન્દ્રીય કાર્યાલય દ્વારા મંજૂર કરવામાં આવે છે. તેથી, હાઈડ્રોપાવર પ્રોજેક્ટ્સમાં બેંકોના રોકાણો હોવા છતાં, આ ભંડોળ સ્થાનિક શાખાઓના ડિપોઝિટ અને લોન ડેટામાં સામેલ નથી. પૂરમાં અનેક બેંક શાખાઓ સાથે રોકડ, સોના -ચાંદીના ઘરેણા પણ પાણીમાં તણાયા છે.બેંકો અને નાંણાકીય સંસ્થાઓ હજુ સુધી નુકસાનના આંકડા એકઠા કરી શકી નથી. તેની પહેલી પ્રાથમિકતા આ કર્મચારીઓને શોધવાની છે. જેનાથી પૂર પછી સંપર્ક થઈ શક્યો નથી.

# દુલીપ ટ્રોફીમાં વૈભવ સૂર્યવંશીએ રચ્યો ઈતિહાસઃ તોડ્યો ૫૭ વર્ષ જૂનો રેકોર્ડ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વૈભવ સૂર્યવંશી જયારે પણ મેદાનમાં ઉતરે છે, ત્યારે તે હંમેશા એક રેકોર્ડ બનાવે છે. ૩૧ ઓગસ્ટના રોજ, સેન્ટ્રલ ઝોન સામે ચાલી રહેલી દુલીપ ટ્રોફી સેમિફાઇનલમાં પૂર્વ ઝોન તરફથી રમતા ૧૫ વર્ષીય ખેલાડીએ ધમાકેદાર અડધી સદી ફટકારી હતી. વૈભવે માત્ર ૪૨ બોલમાં પોતાની અડધી સદી પૂર્ણ કરી હતી. આ સાથે તેણે ૫૭ વર્ષ જૂનો રેકોર્ડ તોડીને ઈતિહાસ રચ્યો છે, તે દુલીપ ટ્રોફીમાં અડધી સદી ફટકારનાર સૌથી યુવા ખેલાડી બન્યો. તેણે ભૂતપૂર્વ ક્રિકેટર લક્ષ્મણ સિંહના રેકોર્ડને તોડી નાખ્યો, જેમણે ૧૯૬૯માં ૧૬ વર્ષ અને ૨૩ દિવસની ઉંમરે આ સિદ્ધિ મેળવી હતી. વૈભવ સૂર્યવંશીએ હવે ૧૫ વર્ષ અને ૧૫૭ દિવસની ઉંમરે આ રેકોર્ડ પોતાના નામે કર્યો છે. ઉલ્લેખનીય છે કે, આ યાદીમાં પીયૂષ ચાવલાનો પણ સમાવેશ થાય છે, જેણે ૨૦૦૫માં ૧૬ વર્ષ અને ૩૭૦ દિવસની ઉંમરે અડધી સદી ફટકારી હતી. દુલીપ ટ્રોફીની પહેલી સેમિફાઇનલ રજત પાટીદારની આગેવાની હેઠળની સેન્ટ્રલ ઝોન અને ઈશાન કિશનની ઈસ્ટ ઝોન વચ્ચે રમાઈ રહી છે. મેચના પહેલા દિવસે સેન્ટ્રલ ઝોન ૨૬૬ રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. રિંકુ સિંહ ૫૦ રનનો આંકડો પાર કરનાર એકમાત્ર બેટ્સમેન હતો. તેણે ૬૦ રનની મહત્વપૂર્ણ ઈનિંગ રમી હતી.

**પશ્ચિમ રેલ્વે - રતલામ વિભાગ**

**ઈ-ટેન્ડર સૂચના**

• ટેન્ડર સૂચના નંબર: M247GTWDHTC262713 તારીખ: 29.08.2026 • કામનું નામ: 8-વ્હીલર DHTC ના વિવિધ સાધનોનું સમયાંતરે ઓવરહોલિંગ. સ્થાન: CWM / દાહોદ, પશ્ચિમ રેલ્વેનું કાર્યાલય. • કામનો અંદાજિત ખર્ચ: ₹1,05,79,572/- • બિડ સુરક્ષા : ₹ 2,11,600/- • ઇ-ટેન્ડર સબમિશન સમાપ્તિ તારીખ અને સમય: તા. 21.09.2026 ના 14:30 કલાક સુધી. ઇ-ટેન્ડર ખુલવાની તારીખ અને સમય તા. 21.09.2026 ના 15:00 કલાકે. • ટેન્ડર સૂચના અને દસ્તાવેજો અહીં ઉપલબ્ધ છે: www.ireps.gov.in / ઇ-ટેન્ડર / કામ / IR ઇલેક્ટ્રિકલ. CRY/230

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે - રતલામ વિભાગ**

**ઈ-ટેન્ડર સૂચના**

• ટેન્ડર નંબર: EL/TRD/58/2026-27/19 • કામનું નામ: રતલામ વિભાગમાં કેબલની જોગવાઈ અને AT અને અન્ય PSI સંપત્તિઓની બદલી • અંદાજિત કામની કિંમત: ₹ 1,71,89,729/- • કમાણી: ₹ 3,43,800/- • પૂર્ણતાનો સમયગાળો: 12 મહિના • ટેન્ડર દસ્તાવેજ કિંમત: શૂન્ય • ઓનલાઇન બિડિંગ સમાપ્તિ તારીખ અને સમય: તા.21.09.2026 ના 15:00 કલાકે • ઓફર માન્યતા ખુલવાની તારીખથી 60 દિવસ • વેબસાઇટ: www.ireps.gov.in • નોટિસ બોર્ડ: સિનિયર ડિવિઝનલ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર (ટ્રેક્શન ડિસ્ટ્રિબ્યુશન), પશ્ચિમ રેલ્વે કાર્યાલયના મુખ્ય દ્વારની સામે, રતલામ વિભાગ, CRY/228

અમને લાઈક કરો: facebook.com/WesternRly

# લાલ ષટ્કોણમાં જંક ફુડના પેકેટ ઉપર આવી રહી છે વોર્નિંગ

(નીડર, નિષ્પક્ષ અને તટસ્થ છગનલાલ મેવાડા દ્વારા) સુરત

દેશ માં દિવસે દિવસે વધતા જતા અનેક પ્રકારના રોગોને કારણે ઉભી થતી શારીરિક તકલીફો અને સાથે બગડતા આરોગ્યને કારણે શરીર માં ફેલાતા રોગોને ધ્યાનમાં લઈને FSSAI ગ્રાહકો ને સાવધાન કરવા લાવી રહ્યું છે. પેકેટો ઉપર લાલ ષટકોણનું નિશાન.

ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI) એ શુક્રવારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે ગ્રાહકોને ચિંતાજનક તત્ત્વોથી ભરપૂર ઉત્પાદનો ઓળખવામાં મદદ કરવા માટે ખાદ્ય પેકેજોના આગળના ભાગમાં લાલ રંગના ષટ્કોણમાં ચેતવણી લખવા માટે સંમતિ આપવામાં આવી છે.

૧૩ ઓગષ્ટે પેક લેબલિંગ પર કોર્ટના આદેશના જવાબમાં સુપ્રીમ કોર્ટ સમક્ષ દાખલ કરાયેલી એફિડેવિટ દ્વારા FSSAI એ ફ્રન્ટ ઓફ પેક લેબલિંગ (FOPL) ના મુદ્દે પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો. કોર્ટે કેન્દ્ર સરકારને આ મુદ્દા પર કાર્યવાહી કરવા દબાણ કર્યા પછી આ પગલું લેવામાં આવ્યું છે. એમા કહેવામાં આવ્યું છે કે જો કેન્દ્ર સરકાર પોતાની રીતે એ કરે છે તો સારું, નહીં તો અમે વધુ નિર્દેશો પસાર કરીશું. આ માળખા હેઠળ ઉત્પાદનો ઉપર લાલ ષટ્કોણમાં ચેતવણી લખવામાં આવશે જેમાં જે જરૂરી હશે એમ હાઈ ફેટ, હાઈ સોલ્ટ, અને હાઈ સુગર એવું લખવામાં આવશે. ગળ્યા પીણાં માટેની ચેતવણીમાં ખૂબ જ મીઠાશવાળા પીણાં એમ લખવામાં આવશે. આ ચેતવણી પેકની પાછળની પોષણ-માહિતી કરતાં એક પોઈન્ટ મોટા ફોન્ટમાં પ્રદર્શિત થશે. FSSAI એ લાગુ ખાદ્ય સલામતી અને લેબલિંગ




નિયમોને આધીન ઘી, ખાદ્ય તેલ, મીઠું, ખાંડ, ગોળ અને મધ જેવા એકલ-ઘટક ખોરાકને પ્રસ્તાવિત ચેતવણીઓમાંથી મુક્તિ આપવા સંમતિ આપી છે.

# ગુજરાતમાં ગુટખા-પાન મસાલા વેચવા પર ૧૩ સપ્ટે.૨૦૨૬ થી ૧૨ સપ્ટે. ૨૦૨૭ સુધી પ્રતિબંધ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં ગુટખા અને તમાકુ-નિકોટીનયુકત પાન મસાલાના વેચાણ થતા ઉત્પાદન સામે રાજય સરકારે વધુ એક વર્ષ માટે પ્રતિબંધ લંબાવ્યો છે. ફુડ સેફટી કમિશ્નર દ્વારા જાહેર કરાયેલા આદેશ મુજબ ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૬ થી ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૭ સુધી આ પ્રતિબંધ અમલમાં રહેશે.



રાજયભરમાં તમાકુ અથવા નિકોટીન ધરાવતા ગુટખા અને પાન મસાલાના ઉત્પાદન, સંગ્રહ, વિતરણ અને વેચાણ પર પ્રતિબંધ યથાવત રાખવામાં આવ્યો છે. ગુજરાતમાં વર્ષ ૨૦૧૨ થી આવા ઉત્પાદનો સામે પ્રતિબંધનો અમલ કરવામાં આવી રહ્યો છે અને હવે તેની મુદત વધુ એક વર્ષ માટે લંબાવવામાં આવી છે. સરકારનો આ આદેશ માત્ર ચોકકસ બ્રાન્ડ અથવા નામ થી વેચાતા ગુટખા સુધી મર્યાદીત નથી, તમાકુ કે નિકોટીન ધરાવતા પાન મસાલા તેમજ અલગ અલગ વેચાતા એવા ઘટકો, જેને ભેગા કરીને અંતિમ રીતે ગુટખા અથવા પાન મસાલા તૈયાર કરવામાં આવે છે. તેમના પર પણ પ્રતિબંધ લાગુ રહેશે. સરકારે સ્પષ્ટ કહ્યુ છે કે પ્રતિબંધિત ઉત્પાદનોનુ ઉત્પાદન, સંગ્રહ, વિતરણ કે વેચાણ કરતા લોકો સામે કાયદા મુજબ કાર્યવાહી કરવામાં આવશે. આથી વેપારીઓ અને ઉત્પાદકોને પ્રતિબંધિત વસ્તુઓના વ્યવહારમાંથી દુર રહેવા માટે સુચના આપવામાં આવી છે.

ફુડ સેફટી વિભાગની યાદીમાં તમાકુ અને નિકોટીનયુકત ઉત્પાદનોના સેવનથી સ્વસ્થ્ય પર થતી ગંભીર અસરોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ખાસ કરીને મોઢાના કેન્સર સહિતની ગંભીર બિમારીઓના જોખમને ધ્યાનમાં રાખીને આવા ઉત્પાદનોના ઉપયોગને રોકવા માટે સરકાર દ્વારા પ્રતિબંધનો અમલ કરવામાં આવી રહ્યો છે. ગુજરાતમાં ગુટખા અને પાન મસાલા પરનો પ્રતિબંધ વર્ષ ૨૦૧૨ થી સતત અમલમાં છે. નાગરીકોના સ્વાસ્થ્યની સુરક્ષા તેમજ વિવિધ સંસ્થાઓ દ્વારા કરવામાં આવેલી રજુઆતોને ધ્યાનમાં રાખીને હવે પ્રતિબંધની મુદત ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૬ થી ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૭ સુધી લંબાવવામાં આવી છે. આ નિર્ણય બાદ રાજયમાં ગુટખા અને તમાકુ નિકોટીનયુકત પાન મસાલાના ગેરકાયદેસર ઉત્પાદન અને વેચાણ સામે તંત્રની કાર્યવાહી વધુ કડક બનવાની શકયતા છે.

# નદીના ભાગોમાં હસ્તક્ષેપ અને બિનઆયોજિત બાંધકામ જેવી પ્રવૃત્તિઓ પૂર જેવી આપત્તિઓ: એ વિનાશનું એલાર્મ છે

(નીડર, નિષ્પક્ષ અને તટસ્થ છગનલાલ મેવાડા દ્વારા) સુરત

આજે સૌથી મોટો પ્રશ્ન એ નથી કે કુદરત આપણને ચેતવે છે કે નહીં? કુદરત તો વારંવાર ચેતવી રહી છે. પ્રશ્ન એ છે કે આપણે એ ચેતવણી સાંભળીએ છીએ કે નહીં? હિમાલય ને બચાવવો એટલે માત્ર પર્વતોને બચાવવાનો પ્રશ્ન નથી. તે નદીઓને, જંગલોને, ખેતીને, શહેરોને અને કરોડો લોકોના ભવિષ્યને બચાવવાનો પ્રશ્ન છે.

વિકાસ અને પર્યાવરણ વચ્ચે પસંદગી કરવાની જરૂર નથી, પરંતુ વિકાસની દિશા બદલવાની જરૂર છે. હવે સમય આવી ગયો છે કે સરકારો અને સમાજ હિમાલયને "વિકાસની પ્રયોગશાળા" નહીં પરંતુ જીવન અને અત્યંત સંવેદનશીલ પર્યાવરણીય તંત્ર તરીકે જુએ.એટલે જ નેપાળની હાલની દુર્ઘટના એ જ હકીકત સામે મૂકે છે. નદીના કુદરતી પ્રવાહના વિસ્તારોમાં બાંધકામ, પહાડોની કાપણી, જંગલોનો નાશ અને પર્યાવરણની ક્ષમતા કરતાં વધારે માળખાકીય વિકાસ જોખમ વધારી રહ્યા છે કે જંગલોની કાપણી, પહાડોમાં અતિક્રમણ આ સમગ્ર કથામાં સૌથી ગંભીર મુદ્દો છે આબોહવા પરિવર્તન. હિમાલયનું તાપમાન વધી રહ્યું છે. હિમનદીઓ ઝડપથી પાછળ ખસી રહી છે, અને કેટલાક વિસ્તારોમાં અસ્થિર ગ્લેશિયરના સરોવરો (પહાડો પર જામેલો બરફ) તથા બરફ પથ્થરના ઢોળાવો નું જોખમ વધી રહ્યું છે.

વૈજ્ઞાનિકો લાંબા સમયથી ચેતવણી આપી રહ્યા છે કે હિમાલયી વિસ્તારમાં હિમનદીઓના ઓગળવાથી અચાનક પૂર, ભૂસ્ખલન અને અન્ય આપત્તિઓનું જોખમ વધશે. તાજેતરની ઘટનાએ આ ચેતવણીને જીવંત હકીકતમાં ફેરવી દીધી છે જેને સ્વીકારવી પડે નહીં તો આજે નેપાળમાં જે બન્યું છે તે આવતીકાલે હિમાલયના બીજા કોઈ ખૂણે ફરી બની શકે છે.

# ગુજરાત ભાજપ અને સરકારમાં ફફડાટ : હર્ષ સંઘવી, રીવાબા જાડેજા, જીતુ વાઘાણી, સંજયસિંહ મહિડા, કુંવરજી બાવળીયા સહિતના મંત્રીઓના ફોલોઅર્સ ઘટયા







પ્રતિનિધિ,ગાંધીનગર

પ્રજાના પ્રશ્નો હલ કરવાને બદલે સોશીયલ મીડીયા પર રીલ્સના રાજા બનવા નિકળેલા મંત્રીઓને ગુજરાતની પ્રજાએ અસલી અરીસો બતાવી દીધો છે. સચિવાલયની એસી કેબિનોમાં બેસીને મોંઘા કેમેરા અને પ્રોફેશનલ પીઆર એજન્સીઓ પાછળ લાખો રૂપીયા ખર્ચનારા મંત્રીઓની ડીઝીટલ લોકપ્રિયતાનો કિલ્લો કડડભુસ થઈ ગયો છે. એવી ચોંકાવનારી વિગતો બહાર આવી છે કે રાજયના ગૃહમંત્રી હર્ષ સંઘવી, મંત્રી કુંવરજી બાવળીયા, મંત્રી જીતુ વાઘાણી, મંત્રી રીવાબા જાડેજા, મંત્રી ઈશ્વરસિંહ પટેલ, મંત્રી સંજયસિંહ મહિડા, મંત્રી અર્જુન મોઢવાડીયા, મંત્રી કમલેશ પટેલ, મંત્રી પાનસેરીયા સહિત અન્ય મંત્રીઓના ફેસબુક, ટવીટર અને ઈન્સ્ટ્રાગ્રામ પર થી ફોલોઅર્સ રોકેટની ગતિએ ઘટી રહ્યા છે. જેને પગલે હવે સચિવાલયના ગલીયારા ઉપરાંત કમલમમાં ફફડાટ ફેલાયો છે. એકતરફ દિલ્હીમાં ભાજપ હાઈકમાન્ડ મુંઝવણમાં છે. તે દેશની નવી પેઢી એટલે કે જેન-ઝી મતદારો કેમ નારાજ છે ? યુવા મતદારોને કેવી રીતે રીઝવવા તે મુદ્દે ભાજપ હેડ કવાર્ટસ પર બેઠકોનો દોર ચાલી રહ્યો છે. ત્યારે ગુજરાતમાં મંત્રીઓને ડીઝીટલ દુનિયામાંથી જાકારો મળી રહ્યો છે તેવુ ચિત્ર ઉપસ્યુ છે. એપ્રિલ ૨૦૨૬ થી માંડીને ઓગસ્ટ ૨૦૨૬ સુધીમાં જ ઈન્સ્ટ્રાગ્રામ પર રાજયના ગૃહમંત્રી હર્ષ સંઘવીના દોઢેક લાખ ફોલોઅર્સ ઘટયા છે, મહેસુલ મંત્રી સંજયસિંહ મહિડાના ફોલોઅર્સ પણ ઘટયા છે. જયારે મંત્રી મનિષા વકીલના પંદરેક હજાર ફોલોઅર્સ ઘટયા છે. ડીઝીટલ દુકાન પર રીવાબા જાડેજાના સમર્થકોની સંખ્યા વધુ ઘટી છે. પાંચેક લાખ ફોલોઅર્સ ઘટયા છે, ટિવટર પર કૃષિ મંત્રી જીતુ વાઘાણી અને વન પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડીયાના ચાહકોની સંખ્યા ઘટી છે. ફેસબુક પર મંત્રી કુંવરજી બાવળીયાના ૨૧ હજાર જયારે મંત્રી ઈશ્વરસિંહ પટેલના ૨૦ હજાર થી વધુ ફોલોઅર્સ ઘટયા છે. મંત્રી કમલેશ પટેલ ના પણ ફોલોઅર્સ ઘટયા છે. ટુંકમાં ફેસબુક અને ગુજરાત ભાજપ અને સરકારમાં ફફડાટ ફેલાયો છે. મંત્રી રીવાબા જાડેજા, મંત્રી વાઘાણી, મંત્રી મહિડા, મંત્રી બાવળીયા સહિતના મંત્રીઓના ફોલોઅર્સ ઘટયા પર મંત્રીઓની લોકપ્રિયતા ઘટી છે. ભુપેન્દ્ર પટેલ સરકારના મંત્રીઓ માટે હવે ધોમધખતા તાપમાં પ્રજાની વચ્ચે જઈને રોડ રસ્તા, પાણી, બેરોજગારી અને મોંઘવારીના સવાલોનો સામનો કરવાની હિંમત રહી નથી. પરીણામે મંત્રીઓને હવે લોકોના પ્રશ્નો ઉકેલવા કરતા ફેસબુક અને ઈન્સ્ટ્રાગ્રામ પર ફોલોઅર્સ વધારવાનુ ડીઝીટલ ઘેલુ લાગ્યુ હતું. પ્રજા પોતાના હકક ના કામો માટે ગાંધીનગર સચિવાલયમાં ધકકા ખાઈ રહ્યા છે. જેમાં વધુ ધકકા હર્ષ સંઘવીના કાર્યાલયે ધકકા ખાવા પડે છે કારણ કે મંત્રી મળતા નથી. મુલાકાતના દિવસે પણ મંત્રીઓ મીટીંગના નામે વ્યસ્તતાનો ડોળ કરી રહ્યા છે.

તો બીજી તરફ પ્રજાના કામો કરવાને બદલે મંત્રીઓ કયા એંગલ થી ચહેરો સારો દેખાશે, કઈ સ્લો-મોશન એન્ટ્રી રાખવી અને કયા ટ્રેન્ડિંગ મ્યુઝીક પર રીલ્સ બનાવવી તેની વ્યુહાત્મક બેઠકો કરી રહ્યા છે. મંત્રીઓમાં અત્યારે ડીઝીટલ લોકપ્રિયતા મેળવવાની હોડ જામી છે. સ્પર્ધા એ વાતની નથી કે કોણે પોતાના મત વિસ્તારના પ્રશ્નો વધુ ઉકેલ્યા, પણ સ્પર્ધા એ વાતની છે કે કોની રીલ્સ પર કેટલી લાઈકસ અને વ્યુઝ આવ્યા, સરકારનો જાણે નવો ફતવો હોય તેમ લોકોના પ્રશ્નો ઉકેલો કે ન ઉકેલો, પણ સોશીયલ મીડીયા પર એકિટવ રહો, પરંતુ હવે આ પોકળ ડીઝીટલ પબ્લિસિટી હવા નિકળી ગઈ છે. ઘટતા ફોલોઅર્સ મુદ્દે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી નેતાઓએ કટાક્ષ કર્યો છે કે રાજયમાં બેરોજગારી, સરકારી ભરતીના કૌભાંડો અને મોંઘવારીની અસલી રીલ્સ રોજ બની રહી છે. પણ મંત્રીઓ પોતાના ચહેરા પર બ્યુટીફીલ્ટર લગાવીને બધુ સલામત હોવાનો ભ્રમ પેદા કરી રહ્યા છે. મંત્રીઓ પીઆર એજન્સીઓ પાછળ પ્રજાના ટેક્ષના રૂપીયા ઉડાવી રહ્યા છે. મંત્રીઓ રીલ્સ જ બનાવવાને બદલે પ્રજાના વણઉકેલ્યા પ્રશ્નોનો ઉકેલ લાવે, હાલ તો આખી સરકાર જ વચ્યુઅલ છે તેવુ લાગી રહ્યુ છે.

# જન્માષ્ટમીએ જ રેશનકાર્ડધારકોની થાળી માં થી ખાંડ ગાયબ: તહેવારોમાં રેશનકાર્ડ ધારકોને ખાંડ મળશે નહી

પ્રતિનિધિ,ગાંધીનગર



હાલમાં સતત ખાંડના ભાવ વધી રહ્યા છે. તો બીજી તરફ રાજયમાં સસ્તા અનાજની દુકાનો મારફતે વિતરણ કરવામાં આવતા રેશનીંગના જથ્થામાં ઓનલાઈન પોર્ટલની ખામી બહાર આવી છે. સપ્ટેમ્બર મહિના માટે ખાંડના જથ્થાનું ઓનલાઈન રજીસ્ટ્રેશન અને ચલણ જનરેટ ન થવાને કારણે રાજયના આશરે ૩૫ ટકા જેટલા દુકાનદારો ખાંડનો જથ્થો મેળવી શકયા નથી. આગામી સમયમાં દિવાળી સહિતના તહેવારો આવી રહ્યા છે.

ત્યારે ગરીબ અને મધ્યમવર્ગના કાર્ડધારકોને ખાંડ નહી મળે તેવી સ્થિતિનું નિર્માણ થયુ છે. જેને લઈને ઓલ ગુજરાત ફેર પ્રાઈસ શોપ એસોસીએશન દ્વારા સરકાર સમક્ષ ઉગ્ર નારાજગી વ્યકત કરવામાં આવી છે. ઓલ ગુજરાત ફેર પ્રાઈસ શોપ એસોસીએશનના મહામંત્રી હિતુભા જાડેજાએ વર્તમાન પરિસ્થિતિ અંગે માહિતી આપતા જણાવ્યુ હતુ કે ખાંડનુ વિતરણ કરવાનુ હોય ત્યારે તેના ૧૫ દિવસ અગાઉ થી પરમીટ આપવા, ચલણ જનરેટ કરવા અને ગોડાઉનથી દુકાન સુધી જથ્થો પહોંચાડવાની પ્રક્રિયા થતી હોય છે. સપ્ટેમ્બર મહિના માટે ૨૧ થી ૨૫ ઓગસ્ટ દરમિયાન દુકાનદારોએ પૈસા ભરીને ઓનલાઈન ચલણ જનરેટ કરવાનુ હતું. પરંતુ ટુંકી મુદત અને સર્વર ખામીના કારણે રાજયના ૩૫ ટકા જેટલા દુકાનદારો આ પ્રક્રિયા પૂર્ણ કરી શકયા ન હતા. ત્યારબાદ સરકારે ચલણ ભરવાની મુદત વધારીને ૨૫ થી ૩૧ ઓગસ્ટ સુધીની કરી હતી. પરંતુ આશ્ચર્યજનક રીતે આ એકસટેન્શન પિરીયડમાં સરકારે ખાંડને બાકાત રાખી દીધી હતી. જેના પરીણામે જે ૬૫ ટકા દુકાનદારોએ પહેલા ચલણ ભરી દીધા હતા તેમને સપ્ટેમ્બર મહિનામાં ખાંડ મળશે. જયારે બાકીના ૩૫ ટકા દુકાનદારોની દુકાને ખાંડનો પુરવઠો પહોંચશે નહી. આ નો સીધો અર્થ એ થાય છે કે એક જ શહેરમાં કે એક જ વિસ્તારમાં આવેલી બે અલગ અલગ દુકાનોમાંથી એક જ જગ્યાએ ગ્રાહકોને ખાંડ મળશે. જયારે બીજી જગ્યાએ ગ્રાહકોએ ખાલી હાથ પરત ફરવુ પડશે.

આગામી મહિનાઓમાં દિવાળી જેવા મોટા તહેવારો આવી રહ્યા છે. આ સમયગાળામાં ગરીબ પરીવારો માટે મીઠાઈ બનાવવાનુ અને ખાવાનુ વિશેષ મહત્વ હોય છે. રાજય સરકાર પોતાની કલ્યાણકારી યોજનાઓ હેઠળ બીપીએલ અને અંત્યોદય કાર્ડ ધારકોને રાહતદરે દાળ, ચણા, મીઠુ, તેલ અને ખાંડ આપે છે. હિતુભા જાડેજાએ આક્રોશ ઠાલવતા કહ્યુ હતુ કે હાલમાં ખુલ્લા બજારમાં ખાંડનો ભાવ બમણાથી વધુ થઈ ગયો છે. એટલે કે ખાંડ ગરીબો માટે ખુબ જ કડવી બની ગઈ છે. આવા સમયે ગરીબોને મોંઢેથી સરકાર ખાંડ ઝુંટવી લેવા માંગતી હોય તેવો ઘાટ ઘડાયો છે. જો બજારમાં કોઈ વસ્તુના ભાવ વધે તો સરકારે રેશનીંગ વ્યવસ્થા દ્વારા ગરીબોને તે પુરી પાડવી જોઈએ. તેના બદલે અહીં વિપરીત પરિસ્થિતિ જોવા મળી રહી છે. એસોસીએશનના જણાવ્યા અનુસાર સરકાર પાસે ખાંડના જથ્થાની કોઈ અછત નથી, દુકાનદારોએ પોતાના સ્તરે ગોડાઉનોમાં તપાસ કરતા જાણવા મળ્યુ છે કે સપ્ટેમ્બર મહિનાના વિતરણ માટેનો ૧૦૦ ટકા ખાંડનો જથ્થો સરકારી ગોડાઉનોમાં પહેલેથી જ ઉપલબ્ધ છે. જો ગોડાઉનમાં જથ્થો પડેલો જ હોય તો માત્ર નિયત સમય મર્યાદામાં ચલણ ન ભરી શકવાના ટેકનીકલ કારણોસર દુકાનદારો અને લાખો ગ્રાહકોને ખાંડથી વંચિત રાખવાનો સરકારનો આ નિર્ણય તર્ક હિન છે. સરકારે જાતે જ ઉભી કરેલી આ વૈમનસ્ય વાળી નીતીના કારણે ભવિષ્યમાં દુકાનદારો અને ગ્રાહકો વચ્ચે ઘર્ષણ થવાની પુરેપુરી શકયતા છે.

# પીએમ પોષણ યોજનાના ૯૦ હજાર થી વધુ કર્મચારીઓનું સરકારને અલ્ટીમેટમ : પડતર માંગણીઓ ન સંતોષાય તો આંદોલનના મંડાણ

પ્રતિનિધિ,ગાંધીનગર



રાજયભરની શાળાઓમાં મધ્યાહન ભોજન પીરસતા પીએમ પોષણ યોજનાના કર્મચારીઓએ પોતાની પડતર માંગણીઓને લઈને સરકાર સામે આરપારની લડાઈનુ બ્યુગલ ફુંકયુ છે. વરસોથી સળગતા પ્રશ્નો અંગે વારંવાર રજુઆતો કરવા છતાં કોઈ ઉકેલ ન આવતા આખરે ૯૬ હજાર જેટલા કર્મચારીઓએ એક જુથ થઈને સરકારને આખરી અલ્ટીમેટમ આપી દીધુ છે.

પીએમ પોષણ યોજના હેઠળ ફરજ બજાવતા કર્મચારીઓ વિતેલા ઘણા સમયથી પોતાના હક્કો અને વિવિધ પડતર માંગણીઓ અંગે તંત્ર અને સરકાર ના દ્વાર ખટખટાવી રહ્યા છે. સરકાર દ્વારા આ બાબતે કોઈ યોગ્ય અને સંતોષકારક નિર્ણય ન લેવાતા કર્મચારીઓમાં ભારે અસંતોષ અને રોષની લાગણી જન્મી છે. કર્મચારી મંડળોએ સ્પષ્ટ કહ્યુ છે કે જો તેમની વ્યાજબી માંગણીઓનો ઉકેલ લાવવામાં નહી આવે તો તેઓ આગામી દિવસોમાં સમગ્ર રાજયમાં કામગીરી ઠપ કરીને ઉગ્ર આંદોલન કરશે. કર્મચારીઓની મુખ્ય માંગણીઓમાં વેતન વધારો સૌથી અગ્રસ્થાને છે, મોંઘવારીના આ યુગમાં હાલ મળી રહેલુ માનદવેતન અત્યંત ઓછુ હોવાનો આક્ષેપ કરીને કર્મચારીઓએ માસિક લઘુત્તમ વેતન રૂપીયા ૩૦ હજાર ચુકવવાની માંગ કરી છે. કર્મચારીઓનુ કહેવુ છે કે આટલી આકરી મહેનત સામે મળતુ વેતન પરીવારનુ ગુજરાન ચલાવવા માટે અપૂરતુ છે.

આર્થિક માંગણીઓ ઉપરાંત કર્મચારીઓએ પોતાની સામાજિક અને નોકરીની સુરક્ષાનો પણ મુદ્દો ઉઠાવ્યો છે, કર્મચારીઓની મુખ્ય માંગણીઓમાં (૧) ફરજ દરમિયાન જો કોઈ કર્મચારીનુ આકસ્મિક રીતે મોત નિપજે તો તેના આશ્રિત પરીવારોને રૂપીયા ૪ લાખનુ આર્થિક વળતર આપવામાં આવે (૨) વરસોથી અસ્થાયી ધોરણે કામ કરી રહેલા આ તમામ કર્મચારીઓને નોકરીની કાયમી કે પૂર્ણ સુરક્ષા પુરી પાડવામાં આવે.

જો સરકાર દ્વારા આગામી સમયમાં આ દિશામાં કોઈ સકારાત્મક પગલા ભરવામાં નહી આવે તો રાજયની પ્રાથમિક શાળાઓમાં ભોજન વ્યવસ્થા ખોરવાય તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

# ટેટ ફરજીયાત કરાતા દેશવ્યાપી વિરોધ : ૫ સપ્ટેમ્બરે શિક્ષક દિને કાળી પટ્ટી બાંધી વિરોધ નોંધાવશે

પ્રતિનિધિ,ગાંધીનગર

સુપ્રિમ કોર્ટના આદેશ અનુસાર વર્ષ ૨૦૧૦ પહેલાના પ્રાથમિક શિક્ષકો માટે ટેટ ફરજીયાત કરવાના નિર્ણય સામે શિક્ષકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ૨૦૧૦ પહેલા નિયુકત થયેલા શિક્ષકોની મુશ્કેલીઓમાં વધારો થતા ઓલ્ડ પેન્શન સ્કિમ લાગુ કરવાની મુખ્ય માંગ સાથે ભારતીય શિક્ષક સંઘ અને ગુજરાત પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા રાષ્ટ્રવ્યાપી આંદોલનની જાહેરાત કરવામાં આવી છે. આંદોલનાત્મક કાર્યક્રમોના પ્રથમ તબકકામાં ૫ સપ્ટેમ્બર રાષ્ટ્રીય શિક્ષક દિનના રોજ તમામ પ્રાથમિક શિક્ષકો કાળી પટ્ટી ધારણ કરીને જ શૈક્ષણિક કાર્ય કરશે અને પોતાનો વિરોધ નોંધાવશે. ત્યારબાદ ૬ થી ૯ ઓકટોબર દરમિયાન નવી દિલ્હીના જંતર મંતર ખાતે રાષ્ટ્ર વ્યાપી ઝોનલ ધરણાં કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં ૭ ઓકટોબરે ગુજરાતના શિક્ષકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને ધરણા યોજશે. શિક્ષક સંઘો દ્વારા આ લડતને વધુ ઉગ્ર બનાવવા માટે સંસદના આગામી શિયાળુ સત્ર દરમિયાન પણ રાષ્ટ્રીય સ્તરના ધરણાં કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ છે. સંસદના શિયાળુ સત્રના અધિકૃત સમયપત્રકની જાહેરાત થયા બાદ ભારતીય શિક્ષક સંઘ દ્વારા તે કાર્યક્રમની ચોકકસ તારીખો જાહેર કરવામાં આવશે. ઓલ્ડ પેન્શન સ્કિમ અને ટેટ મુકિતના મુદ્દે શિક્ષકો આરપારની લડાઈના મુડમાં છે.




# પ્રાંતિજના ગલેચી ભાગોળ વિસ્તારમાંથી ૯ નબીરાઓ શ્રાવણીયો જુગાર રમતા ઝડપાયા

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના ગલેચી ભાગોળ ખાતે પોલીસે મળેલી બાતમીના આધારે રેડ પાડતા ૯ જેટલા નબીરાઓ શ્રાવણીયો જુગાર રમતા ઝડપાઈ ગયા છે.




ગઈ કાલે પ્રાંતિજ પોલીસે ગલેચી ભાગોળ ખાતે રોડ પર આવેલ કાસમઅલી મહેમુદઅલી ફકીરના ઘરની આગળ આવેલ ખુલ્લી ચોપાળમાં કેટલાક ઈસમો ગોળ કુંડાળુ વાળી હાર જીતનો તીન પત્તીનો જુગાર રમતા હોવાની બાતમી આધારે સર્વેલન્સ સ્ટાફના માણસોએ સદર જગ્યાએ રેડ પાડતા બનાવના સ્થળેથી કેટલાક ઈસમો ગોળ કુંડાળુ વાળી પૈસા પાના વડે હાર જીતનો જુગાર રમતા હોઈ તેઓને જે તે જગ્યાએ પોલીસે કોર્ડન કરી ઝડપી લીધા હતા. જેમાં (૧) અલ્પેશકુમાર પ્રહ્લાદસિંહ રાઠોડ રહે. વેરાઈમાતાનો વાસ તાજપુર તા.પ્રાંતિજ જી.સાબરકાંઠા (૨) વાહિદખાન નાસીરખાન પઠાણ રહે. બારકોટ પ્રાંતિજ જી.સાબરકાંઠા (૩) ફિરોજમીયા નિજામમીયા શેખ રહે. ભઠ્ઠીવાસ પ્રાંતિજ મુળ રહે. બકરામંડી રાણીપ, અમદાવાદ (૪) સઈદમીયા ગુલામનબી શેખ રહે. નગીનાવાડી વ્હોરવાડ પ્રાંતિજ (૫) ચિરાગકુમાર ભરતભાઈ દેસાઈ રહે. દેસાઈની પોળ પ્રાંતિજ (૬) અયુબમીયા હુસેનમીયા રહે. તાજપુર હાઈસ્કુલ પાછળ પ્રાંતિજ મુળ રહે. શીયા, તાલુકો કાંકરેજ જી.બનાસકાંઠા (૭) રાહુલકુમાર વિનોદભાઈ ઠાકોર રહે. હાલ તાજપુર હાઈસ્કુલ પાછળ પ્રાંતિજ મુળ રહે. શીયા તાલુકો કાંકરેજ જી.બનાસકાંઠા (૮) સુનીલકુમાર દેવાજી મકવાણા રહે. તાજપુર હાઈસ્કુલ પાછળ પ્રાંતિજ મુળ રહે. શીયા તાલુકો કાંકરેજ જી.બનાસકાંઠા (૯) મન્નાન હારૂન રસીદ ઘોરી રહે. ભઠ્ઠીવાસ પ્રાંતિજ નાઓને જુગાર રમતા રંગે હાથ ઝડપી લઈ પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે આરોપીઓ પાસેથી રોકડ ૧૫,૯૫૦ , ૫ મોબાઈલ કિંમત રૂપીયા ૨૧,૭૦૦ તેમજ ગંજીપાના બાવન કુલ મળી ૩૭,૬૫૦ નો મુદ્દામાલ કબ્જે કરી જેલના સળીયા પાછળ ધકેલી દીધા છે.